Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यवतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४ मार्गशिर्ष आत्म सं. ३२ { अंक ५ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી શાન્તિનાથ જિન સ્તવનમ્. | ૧૧૩ | ૬ મુસાફરને... ... ... ... | ૧૨૮ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર. ... ... | ૧૧૫ | ૭ પૂનામાં અપૂર્વ જ્ઞાનમહોત્સવ.... | ૧૨૯ |
| ૩ શ્રી વીર વાંચ્છા. ... ... | ૧૨૧ | ૮ શિખર ઉપરથી દૃષ્ટિપાત. ... | ૧૩૩ |
| ૪ શ્રી ઉમાસ્વાતિ વાચક વિરચિત પૂજા પ્રકરણ. ... ... ... | ૧૨૨ | ૯ વર્તમાન સમાચાર. ... ... | ૧૩૭ |
| ૫ કેટલાક ઉપયોગી વિચારો. ... | ૧૨૩ | ૧૦ સ્વીકાર અને સમાલોચના. ... | ૧૩૯ |


વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભા તરફથી અનેક વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકટ થતાં હોવાથી, આ સભાના લાઇફ મેમ્બરો અત્યાર સુધીમાં અનેક ( શુમારે દોઢશો ) ગ્રંથો ભેટ મેળવી એક સારી ધાર્મિક લાઇબ્રેરી કરી શકયા છે જે તેઓશ્રીના લક્ષમાં છે. ગ્રંથો ભેટ આપવાની ઉદારતા આ સભાએ જેવી રાખેલ છે તેવી અન્યે ભાગ્યેજ રાખેલ હોવાથી, જેને લઇને દર માસે અનેક જૈન બંધુઓ નવા લાઇફ મેમ્બર થઇ ગ્રંથોની ભેટનો અને જ્ઞાનોદ્ધારનો લાભ ઉત્સાહપૂર્વક લે છે. વળી દિવસાનુદિવસ અનેક ગ્રંથો સભા તરફથી તેઓશ્રીને મળતા હોવાથી આર્થિક દષ્ટિએ વિશેષ લાભ ( વ્યાજની ગણત્રીએ ) પણ વધુ છે તે પણ જોઇ શકાય છે; જેથી કોઈપણ જૈન બંધુઓએ આ સભામાં લાઇફ મેમ્બર થઇ:તેવો લાભ વેળાસર લેવાની જરૂર છે. રીપોર્ટ મંગાવી ખાત્રી કરો.

### નીચેના ગ્રંથો ભેટ આપવાના છે.

૧ શ્રી કુમારપાળ પ્રતિબોધ રૂા. ૩-૧૨-૦
૨ આત્મવિશુદ્ધિ ગ્રંથ. રૂા. ૦-૮-૦
૩ આગમાનુસાર મુહપત્તિ નિર્ણય – –
૪ શ્રી નવતત્ત્વ સંક્ષિપ્ત સાર ૦-૨-૦
૫ શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઈબ્રેરીનું કકાવાર લીસ્ટ જેમાં ૭૦૦૮) પુસ્તકો સંગ્રહ છે. ) ૦-૧૪-૦
૬ આ સભાનો સં. ૧૯૮૨ ના આસો વદી ૩૦ સુધીનો પાંચ વર્ષનો રીપોર્ટ. – –
૭ જૈન પંચાંગ.

ઉપરના ગ્રંથો માગશર શુદ ૨ થી બહાર ગામના દરેક લાઇફ મેમ્બર બંધુઓને ધારા પ્રમાણે પોસ્ટેજ પુરતા વી. પી. થી ભેટ મોકલવાનું કામ શરૂ છે જે સ્વીકારવા વિનંતિ છે. અત્રેના લાઇફ મેમ્બર બંધુઓને સભાની ઓફીસમાંથી ધારા પ્રમાણે મંગાવી લેવા વિનંતિ છે.

નોટઃ—હવે પછી છપાતાં ઘણા ઉપયોગી ગ્રંથો ભેટ આપવાના છે. આત્માનંદ પ્રકાશ માસિકના ટાઈટલ ઉપર જાહેર ખબર વાંચવા ભલામણ છે. કોઇપણ જૈન બંધુ શ્રીમાને કે જૈન સંસ્થાઓએ આવો સારો ગ્રંથોનો ભેટનો લાભ ભુલવાનો નથી. વહેલા લાઇફ મેમ્બર થવાથી વિશેષ લાભ છે.

---

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે. અને તૈયાર થાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )
૩ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )
૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૪ શ્રી મહાવીર ચરિત્ર ,,
१ पन्द्र स्तुति ( संस्कृत )
२ श्री वसुदेव हींडि प्राकृत

ઉપરના ચરિત્રોના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગ્રંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५४. मार्गशिर्ष आत्म संवत् ३२ { अंक ५ मो.

## ॥ श्री शान्तिनाथ जिनस्तवनम् ॥

( गजल कव्वाली रागेण गीयते )

सर्वार्थ सिद्धि दायिन्, करुणा सुधाऽब्धि शायिन् सर्वार्थ.
श्री शान्तिनाथ शरणं, व्रजामि ते सुचरणम्।
सकलाऽरति प्रणाशिन्? भवपाथसां विशोषिन्? सर्वा–१

श्री विश्वसेन सूनो? अचिरा प्रमोद भानो।
अज्ञान्ध मोह हरणे, नमोऽस्तु ते सुचरणे। सर्वा–२

शान्ति देहि कृपालो? विधेहि शर्म दयालो।
कुरुमे कृपां विशालां, पालय सुभव्य मालाम्। सर्वा–३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुण गौरवं त्वदीयं, गातुं नैव मदीयम् ।
हृदयं जिनेश शक्तं, लोकान्तरे प्रसक्तम् । सर्वा–४

पतितो भवाऽर्णवेऽहं, दुर्व्याधि वारि भरिते ।
ममपालनं कुरुत्वं, ह्यधुनोज्झितं ममत्वं । सर्वा–५

अजिताऽब्धि सूरिरीश ! ध्यानेऽस्मि तत्परोऽहम् ।
भगवँस्तवैव वैरि–व्रज नाशनैकदृष्टिः ॥ सर्वार्थ–६

ले० अजित.

(२)

( लेखक–पच–पी० पोरवाल० सादरी–मारवाड )

॥ राग–गजल–ताल–धमाल ॥

शरन जिनवरकी जाने मे, जगत छूटे तो छूटन दे ।
दान दुःखियोंको देनेसे, द्रव्य खूटे तो खूट न दे ॥ टेर ॥

कठिन माया के फांसी मे, बन्धा है सर्व संसारा ।
भले जो मोहकी रस्सी, अगर टूटे तो टुटन दे ॥ १ ॥

करो सेवा जाच्यो साधुओकी, सुनो प्रभु नामकी चरचा ।
विषयकी आस दुनियोंसे, अगर भागे तो भागन दे ॥ २ ॥

हमेशा जायकर बैठो, जहां सतसंग होता है ।
सुनो नित ज्ञानकी चरचा, जगत रूठे तो रूठन दे ॥ ३ ॥

काज अरूलाज तज करके, शरण वितरागकी लीजे ।
हिराचन्द्र जगत तुझसे, अगर लाजे तो लाजन दे ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગીઆર અંગોમાં નિરૂપણ કરેલ તીર્થંકર ચરિત્ર.

## આચારંગ સૂત્ર.

ગતાંક પૃષ્ટ ૯૧ થી શરૂ.

### અધ્યયન ૯ મું ઉપધાન શ્રુતઉદ્દેશા ૧૪. સૂત્રો ૪૬૨ થી ૫૨૨, ગાથા ૭૦ વિહાર[1]—

ગણધર સુધર્મા સ્વામી પોતાના શિષ્ય, જંબુસ્વામીને કહે છે કે—

૧ તુરતમાં દિક્ષિત થએલ તે શ્રમણ ભગવાન મહાવીરે હેમંતઋતુમાં ઉઠીને જાણીને જે રીતે વિહાર કર્યો તે જેમ મેં સાંભળ્યું છે તેમ કહીશ.

૨ ભગવાને વિચાર્યું કે-હેમંતઋતુમાં આવસ્ત્રવડે હું ( મને ) ઢાંકીશ નહીં કેમકે તે ભગવાન જીવતા સુધી પ્રતિજ્ઞાનું પાલન કરનારા હતા છતાં વસ્ત્ર ધારવું એ તેઓને વ્યવહાર માત્ર હતો (તેનું વર્તન તેમની જીવન કક્ષાને અનુકુળ હતું).

૩ ચાર માસથી વધારે વખત સુધી ઘણા ભમરા વિગેરે જીવ જંતુંઓ આવીને ( ભગવાનના, શરીર પર ચડીને ફરતા હતા અને શરીર ઉપર બેસી રહીનેજ કરડતા હતા ( ભગવાન શરીર પર સુગંધી દ્રવ્યોનું લેપન હતું જેના આકર્ષણથી આ ભમરાઓ વિગેરે આવતા હતા ).

૪ ભગવાને એક વર્ષ અને એક મહિના સુધી ( સ્કંધપર ) વસ્ત્ર રાખ્યું ત્યાર પછી તેનો ત્યાગ કરી ત્યાગી—અણગાર થયા.

૫ ભગવાન હવે પુરૂષ પ્રમાણ ભૂમિમાં દૃષ્ટિ સ્થાપીને સાવધાનતાથી ધ્યાન કરતા હતા પણ આવા ચક્ષુ જોઇને ભય પામેલા અને તેથી ભેગા થયેલા ઘણા ( બાળકો ) ભગવાનને મારતા હતા અને કીકીઆરી રૂદન કરતા હતા.

૬ ગીચોગીચ સ્થાનમાં સ્ત્રીઓને યથાર્થપણે જાણતા હતા સાંસારિક વ્યવહારથી સેવતા ન હતા એ પ્રમાણે તેઓ પોતાના આત્માભિમુખ બનીને ધ્યાન કરતા હતા.

---

૧ જેમ સાંભળ્યું છે તેમ કહીશ. જેમકે તુરતમાં દીક્ષિત, થએલ શ્રમણ ભગવાને ઉઠીને જાણીને હેમંત ઋતુમાં વિહાર કર્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ ભગવાન જે કોઈ ગૃહસ્થો હોય તેની સાથે હળ્યામળ્યા સિવાય ધ્યાન કરતા હતા. પૂછવા છતાં બોલતા નહી, સરળ ભાવે ચાલ્યા જ જતા અતિ વર્તન કરતા ન હતા.

૮ પુણ્યહીન મનુષ્યોવડે લાકડીથી હણાએલ શરીરમાં ઉઝરડા કરાએલ કે બીજાઓવડે પ્રશંસા કરાએલ ભગવાન મૌનજ રહેતા હતા ( કોઇ મારે કોઇ શરીરમાં સોળ પાડે કે કોઈ પ્રશંસા કરે પણ ભગવાન તે સબંધે કાંઇ વિચાર પણ કરતા નહીં ) ખરેખર દરેકને માટે આ વર્તન સુકર નથી.

૯ આત્મબળવાળા ( સંયમમાં પરાક્રમવાળા ) ભગવાન કઠોર પરિષહોની લોક પ્રસિદ્ધ નાચ ગાયનની દંડ યુદ્ધની કે મુષ્ટિ યુદ્ધની દરકાર કરતા ન હતા.

૧૦ ભગવાન જ્ઞાત પુત્ર કયારેક એક બીજાની વાતોમાં તલ્લીન થએલાઓને મધ્યસ્થપણે જોતા હતા, પણ આ બધાનું ( પૂર્વોકત પરિષહ વિગેરેનું ) ચિંત્વન કર્યા સિવાય જ્ઞાતપુત્ર વિચરતા હતા.

૧૧ ભગવાને દિક્ષા લીધા પહેલાંજ બે વર્ષો તથા કેટલાક દિવસો સુધી સચિત્તપાણીનો ત્યાગ કર્યો હતો તે એકતાને પામ્યા હતા, તેનો ( કષાય ) અગ્નિ બુજાઈ ગયો હતો તે આત્મમત દર્શનવાળા હતા અને શાંત હતા.

૧૨–૧૩ પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિ કાય, અને ત્રસકાય ( હાલતા ચાલતા જીવજંતુ પ્રાણીઓ ) ને સર્વ પ્રકારે છોડીને ( જાણીને ) આ બધા સત છે ચિત્ત છે ( સંજ્ઞા ) વાળા છે એમ જાણીને તેને કલેશ થાય એવી પ્રવૃતિનો ત્યાગ કરીને ભગવાન મહાવીર વિચરતા હતા વળી ભગવાન મહાવીર એમ જાણતા હતા કે—

૧૪ સ્થાવર જીવો ત્રસપણે અને ત્રસજીવો સ્થાવર જીવપણે ઉપજે છે એમ કર્મવશ બનેલા અજ્ઞાન જીવો જુદી જુદી રીતે દરેક યોનિમાં ઉત્પન્ન થાય છે.

૧૫ ભગવાને જોયું કે–ઉપાધિવાળો અજ્ઞ જીવ કર્મવડે લેપાય છે તેથી ભગવાને કર્મને સર્વ પ્રકારે જાણીને તે પાપકર્મનો પરિત્યાગ કર્યો.

૧૬ તે બુદ્ધિવાન જ્ઞાની ભગવાને બન્ને રીતનો આવતા કર્મનો પ્રવાહ હિંસા માર્ગ અને યોગ પ્રવૃત્તિ સર્વ સ્વરૂપે જાણીને શુદ્ધ સંયમનું આખ્યાન કર્યું છે.

૧૭ ભગવાન નિર્દોષ અહિંસાને પાળતા હતા, બીજાને પળાવતા હતા વળી જેને સ્ત્રીઓ સર્વ કર્મના મૂળરૂપે પરિજ્ઞાત હતી તેથી તેને તેજ સ્વરૂપે ( સંસાર વૃદ્ધિનુ મૂળ સ્ત્રી છે એમ ) જોતા હતા.

૧૮ ભગવાન આધા કર્મને સેવતા ન હતા કેમકે તેઓ તેના સેવનમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મનો બંધ જોતા હતા. આ રીતે જે કાંઇ પાપવાળું હોય તેનો ત્યાગ કરીને ભગવાન નિર્દોષ આહાર લેતા હતા.

૧૯ તેઓ બીજાનું વસ્ત્ર પહેરતા નહીં, તેમ બીજાના પાત્રમાં ભોજન કરતા નહીં, પણ અપમાનને ગણકાર્યા વિના અશરણપણે ( બીજાની સહાય વિના ઓશિઆળા થયા વિના ) રસોડામાં જતા હતા.

૨૦ ભગવાન ખાદ્ય પેયની મર્યાદા જાણતા હતા, રસલોલુપ ન હતા. રસ લેવાની અપ્રતિજ્ઞાવાળા હતા. આંખને પણ ચોળતા ન હતા અને શરીરને ખંજવાળતા ન હતા.

૨૧ ભગવાન પડખે કયારેકજ જોતા હતા, પાછળ પણ કયારેકજ જોતા હતા અને પૂછવાથી કયારેકજ બોલતા હતા પણ રસ્તા તરફ દષ્ટિ રાખીને યતનાપૂર્વક ચાલતા હતા. *

૨૨ અણગાર ભગવાને માર્ગમાં જતા જતા શિશિરઋતુમાં તે વસ્ત્રનો ત્યાગ કર્યો અને હાથને ખંભા ઉપર ટેકવ્યા વિના ( ટાઢથી સંકોચ્યા સિવાય ) લાંબા કરીને પરાક્રમ કરતા હતા ( સંયમમાં આત્મબળને કેળવતા હતા. )

૨૩ મતિમાન ભગવાન બ્રાહ્મણ-મહાવીરે કોઇપણ જાતની લાલસા વગર અનેક પ્રકારે આ વિધિને પાળ્યો છે, બીજા તેને અનુસરે છે. "એમ હું કહું છું".

## વસતિ.

૧ ભગવાન મહાવીરે વિહારમાં જે જે સ્થાનમાં નિવાસ-શય્યા કરેલ છે તે કહો ? ભગવાનના નિવાસસ્થાનો આ પ્રમાણે છે.

૨ ભગવાન એક દિવસે ઉજ્જડ ઘરમાં, કુબામાં વસે, પરબમાં કે હાટમાં વસે, જ્યારે એક દિવસે લુહારની કોઢમાં કે પરાળની ગંજીમાં ( ઘાસની વખારમાં ) હોય.

૩ ભગવાન એક દિવસે પરાનાં ઝુંપડામાં, બાગના ઘરોમાં કે નગરમાં હોય જ્યારે એક દિવસે મસાણમાં, સુનાં ઘરમાં કે ઝાડની નીચે હોય.

૪ શ્રમણ ભગવાને તેર વર્ષ સુધી આ રીતે નિવાસ કર્યો અને અપ્રમત્ત ભાવે સમાધિથી જ જયણાપણાપૂર્વક રાત્રી દિવસ ધ્યાન કર્યું.

૫ ભગવાન ઇચ્છાપૂર્વક નિદ્રા લેતા ન હતા. જાગતા હતા અને આત્માને જગાડતા હતા. છતાં કદાચ શયન કરતા પણ તે નિદ્રાની લાલચ વિનાજ શયન કરતા હતા.

---

ગાથા ૨૧ મૂળ પાઠમાં अप्प શબ્દ વાપર્યો છે જેનો અર્થ "થોડું" એવો થાય છે જેથી અહીં તે શબ્દના સ્થાને કયારેક શબ્દનો પ્રયોગ કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ ભગવાન જાગતા હતા અને ફરીવાર બેસતા હતા. કોઇ વાર રાત્રે ઉઠીને બહાર જઇને મૂહૂર્ત સુધી ચંક્રમણ ( નિદ્રા ટાળવા માટે ) કરતા હતા.

૭ ભગવાનને તે તે સ્થાનોમાં અનેકવિધ ભયંકર ઉપસર્ગો થયા છે. વાંકી ગતિવાળા ( સાપ નોળિયા વિગેરે ) પ્રાણીઓ તથા પક્ષિઓ ભગવાનને પીડતા હતા.

૮ ભગવાનને જારી કરનારા તથા ચોરો હેરાન કરતા હતા—શક્તિ હથિઆરવાળા કોટવાળો હેરાન કરતા હતા અને ગામનો સંસર્ગ હોય ત્યારે સ્ત્રીઓ તથા પુરૂષો સતાવતા હતા.

૯—૧૦ ભગવાન્ આ લોક તરફથી થનારા કે અન્ય લોકના જીવો તરફથી થનારા સુગંધથી કે દુર્ગંધથી તથા અનેકવિધ શબ્દથી વિવિધ સ્પર્શવાળાં બીહામણાં અને ભયંકર ઉપસર્ગોને સમ્યકપણે સહન કરતા હતા તથા બહુ નહીં બોલનારા બ્રાહ્મણ—ભગવાન્ હર્ષ શોક ટાળીને વિચરતા હતા.

૧૧ ત્યાં મનુષ્યો પ્રશ્ન કરતા હતા, રાત્રે જાર પુરૂષો પુછતા હતા અને ઉત્તર ન મળવાથી ક્રોધ કરતા હતા, પણ નીરીહપણે સમાધિમાં રહેતા હતા.

૧૨ આ વચ્ચે અહીં કોણ છે ? " એમ પૂછનારને ભગવાન " હું ભિક્ષુ છું " એવો ઉત્તર આપતા હતા. પણ કોઈ ક્રોધ કરે તો તો ભગવાન્ મૌનતાથી ધ્યાન કરતા હતા. કેમકે તેમનો એ ઉત્તમ આચાર છે.

૧૩—૧૪—૧૫ જ્યારે શિશિર ઋતુનો પવન ફુંકાતો હતો ત્યારે કેટલાક ધ્રુજતા હતા, કેટલાક તપસીઓ ઠારમાંથી બચવા માટે વાયરા વિનાની જગ્યા શોધતા હતા. કોઇ વસ્ત્રો પહેરવાને ચહાતા હતા, કોઈ અગ્નિ સળગાવીને કે કપડાં ઓઢીને ઠારના દુઃખને સહી શકીશું એમ માનતા હતા. આ વખતે સંયમી ભગવાન નિરીહપણે ખુલ્લા સ્થાનમાં ઠંડી સહન કરતા હતા. અને કયારેક રાત્રે બહાર નીકળીને સમીતપણે ઉભા રહેતા હતા.

૧૬ મતિમાન ભગવાન મહાવીરે કોઈ પણ પ્રકારની કામના વગર આ વિધિને અનેક રીતે પાળ્યો છે " બીજા તે પ્રમાણે પાળે છે " એમ હું કહું છું.

## ઉપસર્ગો.

૧ ભગવાન હમેશાં ઘાસની અણીને, ઠંડીના સ્પર્શને, સાપના સ્પર્શને, ડાંસના ડંખને અને મચ્છરના ડંખને તથા ભાતભાતના સ્પર્શોને સામ્યતાથી સહન કરતા હતા.

૨ ભગવાન દુશ્ચર લાઢ ભૂમિમાં વિચરતા હતા, ત્યારે વજ્ર ભૂમિ અને શુભ્ર ભૂમિમાં ખરાબ નિવાસસ્થાનો અને હલકા આસનોને વાપરતા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ભગવાનને લાઢ દેશમાં ઘણા ઉપસર્ગો થયા. મનુષ્યો મારતા હતા આહાર લુખો મળતો હતો. કુતરાઓ કરડતા હતા અને ઉપર પડતા હતા.

૪ ભગવાનને કરડતા કુતરાઓને કોઇ અટકાવતું નહીં પણ “ સાધુને કુતરા કરડો ” એમ કુતરાને સીસકારતા હતા અને મારતા હતા.

૫–૬–૭ વજ્ર ભૂમિનો માનવ સમાજ આવોજ હતો. ઘણાં લોકો લુખું ખાનારા હતા. ત્યાંના શ્રમણો ( બૌદ્ધ વિગેરે ) લાકડી કે નાળ લઇને ચાલતા હતા તેમ છતાં પણ કુતરાઓ તેની પાછળ દોડતા હતા. કરડતા હતા. આ પ્રમાણે *લાઢમાં રહેવું એ બહુ દુષ્કર હતું જેથી ભગવાને પ્રાણદંડનો ત્યાગ કર્યો દેહને વોસરાવ્યો અને હિતબુદ્ધિવડે ગ્રામ કંટકોને ( કાંટાઓને તથા કડવા વાકયોને ) સહન કર્યા.

૮ ભગવાન મહાવીર ત્યાં સંગ્રામના મોખરે રહેલ હાથીને પેઠે વિજયી બન્યા–ભગવાનને તે લાઢમાં કોઇકવાર ગામ પણ મળ્યું ન હતું. ( વિહાર કરતાં કરતાં સાંજ પડે પણ ગામ આવેજ નહીં. )

૯ ભગવાન વિહાર કરતા કરતા ગામના પાદરમાં આવે, પણ ગામમાં પ્રવેશ કરે તે પહેલાંજ લોકો બહાર નીકળીને ‘અહીંથી દુર જા’ એમ કહી મારતા હતા.

૧૦ ત્યાં ઘણાં તો ભગવાનને પ્રથમ લાકડીથી મુઠીથી, ભાલાની ફણાથી, પત્થરથી કે ખોપરીથી મારતા હતા. અને કીકીઆરી કરતા હતા.

૧૧–૧૨ ભગવાનને શરીરમાંથી માંસ છેદાયું હોય છતાં પકડીને હેરાન કરતા હતા, ધૂળ ઉડાડતા હતા, ઉપાડીને પછાડતા હતા આસનેથી ઉથલાવી દેતા હતા, પણ શરીરના ત્યાગી નિરીહ ભગવાન ઝુકેલા રહી દુઃખોને ઝીલતા હતા ( દુઃખોને સહન કરતા હતા. )

૧૩ શ્રમણ ભગવાન મહાવીર ઉપસર્ગોને સહન કરવામાં રણ સંગ્રામને મોખરે રહેલ શુરાની પેઠે અચલ રહી વિહાર કરતા હતા.

૧૪ બુદ્ધિનિધાન ભગવાન મહાવીરે કોઈ પણ પ્રકારની ઇચ્છા વગર અનેક રીતે આ વિધિ પાળ્યો છે ” બીજા તેને અનુસરે છે એમ હું કહું છું.

## તપસ્યા.

૧ ભગવાન રોગરહિત હતા છતાં મિતાહારી હતા. કદાચ સ્પર્શજન્ય ( કરડવાથી થએલ ) કે અસ્પર્શજન્ય રોગ થતા તો દવા પણ કરતા નહીં.

૨ જ્ઞાની ભગવાન જુલાબ, વમન, દેહાભ્યંગ સ્નાન શરીરચંપી અને દાંત પ્રક્ષાલન ( મુખ પ્રક્ષાલન ) કરતા ન હતા.

* લાઢ માટે જુઓ ભગ૦ ૧૫–૫૫૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ઇંદ્રિયોના વિષયથી વિરત બ્રાહ્મણ અને મૌની ભગવાન વિચરતા હતા પણ શિશિર ઋતુમાં કોઇવાર છાયામાં બેસીને ધ્યાન કરતા હતા.

૪ ભગવાન ઉનાળામાં તાપમાં ઉભડક આસને બેસીને આતાપના લેતા હતા તથા લુખા ચોખા, મંથુ અને અડદ વડે નિર્વાહ ચલાવતા હતા.

૫-૬ ભગવાને આ ત્રણ વસ્તુવડે નિર્વાહ કર્યો હતો અને ક્યારેક પંદર પંદર દિવસ મહિનો મહિનો દોઢ દોઢ મહિના બે બે મહિના કે છ માસ સુધી વિહાર કર્યા કર્યો ( અર્થાત્ તદ્દન આહાર પાણી વિના ચલાવ્યું ) ભગવાન રાત્રિ દિવસ નિરીહ રહેતા હતા અને ક્યારેક ઠરેલ આહાર પણ લેતા હતા.

૭ નિરીહ ભગવાન કયારેક ત્રીજે દિવસે, કયારેક ચોથે દિવસે, કયારેક પાંચમે દિવસે, અને કયારેક છઠ્ઠે દિવસે આહાર લેતા હતા.

૮ ભગવાન મહાવીર જાણીને પોતે પાપ કરતા નહીં, બીજા પાસે કરાવતા નહીં અને કરનારને અનુમોદતા નહીં.

૯ ભગવાન ગામ કે શહેરમાં જઇને બીજા માટે કરેલ ( ખાસ ભગવાન માટે કરેલ ન હોય એવા ) આહારમાંથી યાચના કરતા હતા અને શુદ્ધ આહાર લઇને સાવધાનતાથી વાપરતા હતા.

૧૦ ભૂખ્યા કાગડાઓને અને બીજા રસસ્વાદી પ્રાણીઓને આહાર માટે રાહ જોતા બેઠા હોય તો તે જોઇને ભગવાન ચાલ્યા જતા ( તેઓના આહારમાંથી ભાગ પડાવતા નહીં ).

૧૧-૧૨ ભગવાન આગળ ઉભેલા બ્રાહ્મણો, શ્રમણો, કંગાલ, અતિથિ, ચાંડાલ બીલાડા કે કુતરાને દેખીને તેમની વૃત્તિ છેદ કર્યા સિવાય તથા મનમાં રોષ ધર્યા સિવાય ધીમે પગલે ચાલ્યા જતા હતા એ રીતે અહિંસા ભાવે આહાર લેતા હતા.

૧૩ ભગવાનને ભીંજેલો સુકો ટાઢો જૂના અડદનો બુક્કસનો કે પુલાકનો આહાર મળતો હતો અને કયારેક મળતો પણ નહીં. છતાં સંયમમાં સ્થિર રહેતા હતા.

૧૪ ભગવાન્ મહાવીર નિર્વિકાર પણે આસનો વાળીને ધ્યાન કરતા હતા અને નિરીહપણે સમાધિપૂર્વક ઉર્ધ્વલોક અધોલોક તથા તિર્યગ્લોકને વિચારતા હતા.

૧૫ ભગવાન્ કષાય રહિત હતા, ગૃદ્ધિ વિનાના હતા. શબ્દરૂપમાં મૂર્છા રહિત હતા અને ધ્યાન કરતા હતા. છદ્મસ્થ હોવા છતાં અતિશય પરાક્રમ દેખાડતા પણ જરાય પ્રમાદ કરતા નહી.

૧૬ ભગવાન પોતેજ જાણીને યોગ પ્રવૃત્તિને તાબે કરીને આત્મ શુદ્ધિ વરી ચૂકયા હતા. વળી યાવજ્જીવ નિષ્કપટ અને શુદ્ધ ચર્યાવાળા હતા.

૧૭ મતિમાન ભગવાન્ બ્રાહ્મણ-મહાવીરે અનેક પ્રકારે કોઈપણ જાતની લાલસા વગર આ વિધિને આચર્યો છે. બીજા તેને અનુસરે છે એમ હું કહું છું.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " શ્રી વીરવાઞ્છા. "

( રાગ–હરિગિત. )

વિભુવીર તારા નામનો જપીઁ જાપ હર હંમેશ હું,
પાપી વિચારો માહરા'ને દુષ્ટ ભાવો હૃદયના;
સાંકળ બની જે સખ્ત તેહથીઁ તોડીઁ તે પલવારમાં,
આવીશ દોડી પાસ તારી ભકિતની પાંખો વડે. (૧)

આતુઁર છે મુજ હૃદય આ ઓ વીર તારા દર્શને,
હા ! સિદ્ધશીલે ઉડવા પલવાર તો લલચાય છે;
ઉંચે નિહાળી એ ઘડી જ્યાં ચિંતવું વીર નામને,
મુજ આત્મને તુજ આત્મ સાથે વાત કરતો જોઉં હું.(૨)

પણ રે ગયો હા ! કયાં ગયો હા ! કેમ દેખાતો નથી,
હમણાં હતો, હમણાં હતો ને એટલામાં કયાં ગયો;
જાણે અજાણ્યે બાળનો શો વાંક એવો થઇ ગયો,
કે વિના જોયે અંતરતણી દષ્ટી થકી અળગો થયો. (૩)

કરૂણા કરી પાછા ફરો બાળક પરે દષ્ટી કરો,
લાવી દયા આપો તમારો સાથ હું ઝંખુ સદા;
દ્યો મુકિત વાડીલાલ વિનવે મોક્ષદાતા વીરજી,
ને 'વીરવાંછા' પૂરીઁ થાતાં હાથ બે જોડે સહી. (૪)

**વાડીલાલ જીવાભાઈ ચોકશી.–ખંભાત.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ઉમાસ્વાતિ વાચક વિરચિત.

## પૂજા પ્રકરણ.

મુનિરાજ શ્રી દર્શન વિજયજી મહારાજ (પુના) તરફથી એક જુની પ્રતનું એક પાનું સંસ્કૃતમાં લખેલું મળેલું હતું. તે સં. ૧૭૬૮ પ્રથમ ભાદ્રપદ શુદ ૧૪ ગુરૂવારના રોજ ગણિ જીવવિજયજીએ કચ્છ દેશમાં ધમડકા નગરમાં લખેલ છે, જેમાં એક બાજુ નીચે જણાવેલ ઉમાસ્વાતિ વાચક રચિત પૂજા પ્રકરણ અને પાછળની બાજુએ ચતારી અઠ દશની પરિપાટી લખેલ છે. જુની શોધ ખોળ માટે ઉકત મહાત્મા શ્રમ લઇ રહેલ છે તેના પ્રયત્નનું આ ફળ અને ભક્તિના જિજ્ઞાસુને જાણવા યોગ્ય હોવાથી મહારાજશ્રીની આજ્ઞાથી તેનું ભાષાંતર અત્ર આપવામાં આવેલ છે.

પૂર્વ દિશાની સન્મુખ બેસીને સ્નાન કરવું, દાંતણ કરતી વખતે પશ્ચિમ દિશા તરફ મુખ રાખવું, પૂજા માટે શ્વેત વસ્ત્ર પહેરતી વખતે ઉત્તર દિશા તરફ મુખ રાખવું, અને પૂજા કરતી વખતે પૂર્વ કે ઉત્તર તરફ મુખ રાખવું. પોતાના ઘરમાં પ્રવેશ કરતાં ડાબી બાજુએ શલ્ય રહિત ભૂમિને વિષે દોઢ હાથ ઉંચી પીઠિકા કરી તેના પર દેરાસર કરવું. જો નીચી ભૂમિમાં દેરાસર કરે તો તેનો વંશ સંતતિ સહિત નીચે નીચે જાય છે. પૂજા કરનારે પૂર્વ કે ઉત્તર દિશાની સન્મુખ રહેવું. દક્ષિણ દિશા, પશ્ચિમ દિશા અને ચારે વિદિશા એ સર્વ વર્જવાની છે. જો પશ્ચિમ દિશા તરફ મુખ રાખી જિન પ્રતિમાની પૂજા કરે તો તેની સંતતિનો વિચ્છેદ થાય છે, દક્ષિણ તરફ મુખ રાખી પૂજા કરે તો તેને સંતતિ થાય જ નહીં, અગ્નિ ખુણામાં મુખ રાખી પૂજા કરે તો દિન પ્રતિદિન ધનની હાનિ થાય છે, વાયવ્ય ખુણામાં મુખ રાખી પૂજા કરે તો તેને સંતતિ થાય નહીં, નૈઋતખુણામાં મુખ રાખી પૂજા કરે તો તેના કુળનો ક્ષય થાય છે, અને ઇશાન ખુણા તરફ મુખ રાખી પૂજા કરે તો તેની સ્થિતિજ રહે નહીં. પ્રતિમાની નવાંગ પૂજા કરતાં પ્રથમ બે ચરણ, બે ઢીંચણ, બે હાથ, બે ખભા અને એક મસ્તક એ અનુક્રમ લેવાનો છે. ચંદન વિના કદાપિ પૂજા કરવી નહીં. પૂજા કરનારે પોતાના કપાળે, કંઠે, હૃદયકમળ ઉપર અને ઉદર ઉપર તિલક કરવાનાં છે. ઉપર કહ્યા પ્રમાણે પ્રતિમાના નવ અંગે નવ તિલક કરી પૂજા કરવી. તેમાં પ્રાતઃકાળે વિચક્ષણ પુરૂષે પ્રથમ વાસક્ષેપથી પૂજા કરવી, મધ્યાન્હ કાળે પુષ્પથી પૂજા કરવી અને સાયંકાળે ધુપ-દીપ સહિત પૂજા કરવી, પ્રતિમાની ડાબી બાજુએ ધુપ ઉવેખવો, ફળ નૈવેદ્ય વિગેરે અગ્ર પૂજા પ્રતિમાની સન્મુખ પાસે કરવી, જિનપ્રતિમાની જમણી બાજુએ દીપક સ્થાપન કરવો, ધ્યાન તથા ચૈત્યવંદન પણ પ્રતિમાની જમણી બાજુએ રહીને કરવાનું છે. જે (પુષ્પ) હાથમાંથી પડી ગયું હોય, પૃથ્વીપર પડેલું હોય, પગના કોઇપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગને સ્પર્શેલું હોય, પોતાના મસ્તકથી ઉંચે રાખેલું હોય, ખરાબ-અપવિત્ર વસ્ત્રમાં રાખેલું હોય, પોતાની નાભિથી નીચે રાખેલું હોય, નીચે માણસે સ્પર્શ કરેલું હોય, વરસાદના જળથી પરાભવ પામેલું-ભીંજાએલું હોય અને તે સાથે જીવોથી દૂષિત (વ્યાપ્ત) હોય, આવા પ્રકારનાં પુષ્પ, પત્ર અને ફળ જિનેશ્વરની પ્રીતિને માટે ભક્ત જનોએ ત્યાગ કરવાના છે. એક પુષ્પના બે કકડા કરવા નહીં, પુષ્પની કળીને પણ છેદવી-તોડવી (લેવી) નહીં. ચંપક અને કમળના પુષ્પનો ભેદ (કકડા) કરવાથી વિશેષ દોષ લાગે છે. ૧ ચંદન ૨ ધુપ ૩ અક્ષત ૪ સાથીયો ૫ દીપક ૬ નૈવેદ્ય ૭ જળ અને ઉત્તમ ફળ ૮ આ આઠ વસ્તુઓથી જિનેશ્વરની અષ્ટ પ્રકારી પૂજા થાય છે. શાંતિને નિમિત્તે શ્વેત પુષ્પથી પૂજા કરવી, જયને માટે શ્યામ પુષ્પથી, કલ્યાણને માટે રાતા પુષ્પથી, ભયના વિનાશ માટે લીલા વર્ણના પુષ્પથી, ધ્યાનાદિકના લાભ માટે પીળા પુષ્પથી અને મોક્ષની પ્રાપ્તિને માટે પંચ વર્ણના પુષ્પથી પૂજા કરવી. પૂજા, તપ, હોમ અને સ્વાધ્યાય વિગેરે ક્રિયા કરતી વખતે ફાટેલા, તુટેલા, સાંધેલા, રાતા વર્ણના અને ભયંકર દેખાય તેવાં બે વસ્ત્રો ધારણ કર્યા હોય તો તે પૂજાદિક સર્વ વ્યર્થ થાય છે. પદ્માસને બેસી, નાસિકાના અગ્ર ભાગ પર દૃષ્ટિ રાખી, મૌન ધારણ કરી તથા મુખકોશ બાંધી જિનેશ્વરની પૂજા કરવી. ૧ સ્નાન ૨ વિલેપન ૩ અલંકાર ૪ પુષ્પ ૫ વાસક્ષેપ ૬ ધૂપ, ૭ દીપ, ૮ ફળ, ૯ અક્ષત, ૧૦ પાન, ૧૧ સોપારી, ૧૨ નૈવેદ્ય ૧૩ જળ, ૧૪ વસ્ત્ર, ૧૫ ચામર, ૧૬ છત્ર, ૧૭ વાજિત્ર ૧૮ ગીત, ૧૯ નૃત્ય, ૨૦ સ્તુતિ, ૨૧ અને ભંડાર વૃદ્ધિ, આ રીતે એકવીશ પ્રકારી જિનેશ્વરની પૂજા નિરંતર સુર અને અસુરોએ કરેલી પ્રસિદ્ધ છે, તેને આ કળિકાળને લીધે કુમતિ જનોએ ખંડિત કરી છે. આ વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓ પણ જે જે પોતાને ઇષ્ટ હોય તે તે વસ્તુવડે સારા ભાવથી જિનેશ્વરની પૂજા કરવી.

## કેટલાક ઉપયોગી વિચારો.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૯૬ થી શરૂ. )

આત્મનિગ્રહથી કેવળ વ્યકિતગત લાભ જ થાય છે એટલુંજ નહિ પણ અન્ય સદ્ગુણોની માફક તેનાથી દેશને પણ મહાન લાભ થાય છે. જે દેશના લોકોમાં આત્મ-નિગ્રહ નથી હોતો એ દેશમાં દુર્ગુણો અને દુર્વ્યસનોની ઘણીજ વૃદ્ધિ થઇ જાય છે અને તે દેશ ટુંક સમયમાં ઘણીજ અવનત સ્થિતિએ પહોંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલા તરીકે કોઇ દુર્વ્યસન લઇએ. તો સૌથી પહેલું તો એ કે દુર્વ્યસન અથવા કોઇ જાતની ખરાબ ટેવ પડવી એજ સિદ્ધ કરે છે કે મનુષ્યમાં આત્મ-નિગ્રહ નથી. બીજું એ કે દુર્વ્યસની માણસ બીજા પ્રસંગે પણ આત્મ-નિગ્રહ પ્રકટ કરી શકતો નથી. દુર્વ્યસનથી જેટલી શારીરિક, આર્થિક અને રાજનૈતિક હાનિ થાય છે, તે કહેવાની આવશ્યકતા નથી. અફીણના વ્યસનને લઇને ચીનના લોકોની જે દુર્દશા થઇ અને હજી પણ જે થોડી ઘણી થઇ રહી છે તે કોઇથી અજાણી નથી. પાશ્ચાત્ય સભ્યતાને લઇને આ દેશમાં અનેક સદ્ગુણોનો પ્રચાર થયો છે તોપણ લોકોમાં કેટલાક દુર્ગુણો પણ દાખલ થયા છે. જેમાંનો એક મદ્યપાન છે. આપણે મદ્યપાનની ગણના પાંચ મહા પાતકોમાં ગણીએ છીએ. પરંતુ આજકાલ ઘણા લોકો એવા પણ જોવામાં આવે છે કે જેઓ એને દોષ ન માનતાં ફેશનનું એક આવશ્યક અંગ માને છે. એવા લોકોનો ઇશ્વર જ રક્ષક છે. જે મનુષ્ય જાણી બુઝીને વિષય ભોગમાં અને દુર્વ્યસનોમાં પડે છે તે ક્યાં સુધી સદાચારી રહી શકે ? વ્યકિત અથવા સમાજ એક વાર વિષયવાસનામાં ફસાઇ જાય છે કે તરતજ તેના સુખ, બળ, સ્વતંત્રતા, શૂરતા વિગેરે સર્વ ગુણો નાશ પામે છે. જ્યારે ઘણા લોકો કોઈ દુર્વ્યસનમાં ફસાઇ જાય છે ત્યારે સૌથી મોટું નુકસાન તો એ થાય છે કે લોકો તેનાથી થતી ખરાબી ભૂલી જાય છે. અને તેથી દુર્વ્યસન એક સામાન્ય અને નિત્યનું કામ થઇ પડે છે અને પછી તેના નિયમાનુસાર તે હમેશાં વધતું જ જાય છે. કદિપણ ઓછું થતું નથી. પરંતુ જો મનુષ્યના જ્ઞાનની યથેષ્ટ વૃદ્ધિ થાય છે, અને દુર્વ્યસનનો ત્યાગ કરવા ચાહે છે તો તેને માત્ર મનોનિગ્રહની જ આવશ્યકતા છે અને તેમાં જ તેનું પોતાનું તથા તેના દેશનું હિત સમાયલું છે. કોઇ વખત પોતાના દેશના આર્થિક હિતની ખાતર મનોનિગ્રહની પરમ આવશ્યકતા જણાય છે. એક વખત અમેરિકાના લોકોને ચીનની ચાનો ભારે શોખ હતો. અને એને લઇને દેશને કંઇક અધિક નુકસાન સહન કરવું પડતું હતું. એ ઉપરથી સૌ લોકોએ મળીને ચીનની ચા તજી દેવાનો નિશ્ચય કર્યો. એનાથી દેશને ઘણોજ લાભ થયો અને તે ઉપરાંત લોકોના મનોનિગ્રહનો અભ્યાસ વધ્યો. આપણા લોકો પણ જો ઇચ્છે તો એ રીતે મનોનિગ્રહ પૂર્વક અનેક નિરર્થક તેમજ નુકસાનકારક વસ્તુઓના વ્યયથી બચી શકે અને પોતાને તથા પોતાના દેશને ઘણો લાભ કરી શકે.

પ્રત્યેક મનુષ્યને મનોનિગ્રહ દેખાડવાના જુદા જુદા પ્રસંગ આવ્યા કરે છે. ક્રોધી મનુષ્યને પોતાનો ક્રોધ દબાવવા માટે, લોભીને લોભથી બચવા માટે, દુર્વ્યસની મનુષ્યને દુર્વ્યસન છોડવા માટે પોતાના મનને વશ રાખવાની આવશ્યકતા છે. પરંતુ એક વસ્તુ એવી છે કે જેમાં આજકાલ ઘણે ભાગે સઘળા લોકોને મનો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગ્રહ દેખાડવાની જરૂર પડે છે. અને એ વાત પોતાની યોગ્યતા અનુસાર જીવન વ્યતીત કરવાની છે. આજકાલ પોતાની યોગ્યતા ઉપરાંત વ્યય કરવાના રોગે એટલું બધું ભીષણરૂપ ધારણ કર્યું છે કે તેનાથી સંસારના લગભગ પોણોસો ટકા લોકો અત્યંત કષ્ટ પામી રહ્યા છે. પહેલાના એક પ્રકરણમાં આ વિષયમાં થોડુંક કહેવાઇ ગયું છે. આ સ્થળે અમે એટલુંજ કહેવા ઇચ્છીએ છીએ કે બીજાની દેખાદેખીથી પોતાના ખર્ચ વિગેરે વધારી મૂકવામાં અને પોતાની જાતને વિપદ્‌ગ્રસ્ત કરવામાં બુદ્ધિમત્તા નથી રહેલી. જો આપણામાં થોડું પણ સાહસ અને મનોનિગ્રહ હોય તો તેનો સૌથી પહેલો ઉપયોગ આપણે એ દોષથી બચવા માટે કરવો જોઇએ. રહેણી કરણી વિગેરેમાં તો આપણે આપણાથી વધારે સંપન્ન લોકોની તરફ કદિપણ જોવું ન જોઇએ. આપણે કેવળ આપણી પોતાની આર્થિક અને પારિવારિક અવસ્થા ધ્યાનમાં રાખવી જોઇએ. મોટા લોકોની દેખાદેખીથી ઠાઠમાઠથી રહેવા માટે અને પોતાની શ્રીમંતાઇ બતાવવા માટે જ ઘણા લોકો કરજ કરે છે અને છેવટે એ ખોટી શ્રીમંતાઈ દેખાડીને પાછળથી ભીખારી બનાવી મૂકે છે. અમુક દિવસો બાદ લોકોને ખોટી શ્રીમંતાઇ દેખાડીને પાછળથી ભીખારી બની પોતાના સંતાનોને દરિદ્ર બનાવી દેવાની અપેક્ષાએ હમેશાં સાધારણ સ્થિતિમાં રહેવું અને પોતાના પરિવારને સુખી રાખવો એ ઘણું સારૂં છે. પરંતુ આજકાલની પ્રથા એથી ઉલ્ટી છે. લોકોને સસ્તા ખાદીના કપડાં પહેરવામાં શરમ લાગે છે; વેપારીના તકાદા સાંભળવામાં અથવા તો કરજદાર બનવામાં શરમ નથી લાગતી. કોઇ નિર્લજ્જ મનુષ્યો તો એટલે સુધી કહે છે કે કરજદાર બનવું એ તો આજકાલની ફેશન છે. અને આપણી સરકાર પણ કરજદાર છે. તો પછી અમે કરજદાર બનીએ એમાં કયી મોટી વાત છે.

જે મનુષ્ય એમ ઇચ્છે છે કે લોકો તેને ખરેખરો શ્રીમંત અથવા લાયક ગણે તો સમજવું કે તે માણસ જૂઠો અને દગાબાજ છે. આપણા ગજા ઉપરાંતની સ્થિતિ લોકોને બતાવવી એ દગાબાજી સિવાય બીજું કશું નથી. એથી ઉલ્ટું જે મનુષ્ય સાચો હશે તેને લોકો ખરેખરો સંપન્ન ગણવા લાગશે તો તેને ઘણું ખોટું લાગશે. એવો મનુષ્ય ગરીબાઈ પસંદ કરશે. પરંતુ કદી પણ કરજમાં નહિ ઉતરે. તેમજ જે લોકો પોતાની શક્તિ ઉપરાંત પોતાની સ્થિતિ બતાવે છે તેની અપેક્ષાએ તે વધારે પ્રતિષ્ઠાપાત્ર ગણાય છે. કેમકે તે જુઠો અથવા દગાબાજ નથી હોતો. એક વિદ્વાને તો એવા મનુષ્યને જુઠા અથવા દગાબાજ માણસ કરતાં પણ વધારે ખરાબ કહ્યો છે અને તે માટે તેણે એક ઘણું સારૂં કથન કહ્યું છે. તેણે કહ્યું છે કે જુઠું બોલનાર મનુષ્યની જુઠાઈ તો કેવળ વાતોમાં જ હોય છે. પરંતુ જે મનુષ્ય પોતાની સ્થિતિના સંબંધમાં છેતરવા માગે છે તેની જુઠાઈ તેના કૃત્યોમાં હોય છે. વળી કેવળ ખર્ચની અધિકતા જ સંપન્નતાનું ચિન્હ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. ખરેખરો સંપન્ન તો એજ મનુષ્ય છે કે જેનો ખર્ચ પોતાની આવક કરતાં ઓછો હોય છે. સંપન્ન બનવાની કામના ખરાબ નથી, પરંતુ તેની પૂર્ણતા માટે પ્રમાણિકતા પૂર્વક ઉદ્યોગ પરાયણ રહેવું જોઇએ.

આત્મ-સંયમ અથવા આત્મ-નિર્ભરતાની સાથોસાથ મનુષ્યમાં એક વિશેષ ગુણની ઘણી જ જરૂર છે. તે ગુણ સ્વાવલંબન છે. એ ગુણ એટલો બધો આવશ્યક, ઉપયોગી અને મહત્વપૂર્ણ છે કે સુપ્રસિદ્ધ અંગ્રેજ લેખક સ્માઇલ્સે તેને માટે ' Self-Help ' નામનો એક સ્વતંત્ર ગ્રંથ લખ્યો છે. એવા ગુણના સબંધની સઘળી વાતો બીજી વાતોની સાથે આવા ન્હાનકડા લેખમાં આપવી તે ઘણુંજ કઠીન છે, તો પણ જ્યાં આગળ માનવજીવનને સાર્થક કરવાના ઉપાય બતાવવામાં આવે ત્યાં એ ગુણનો કંઇક ઉલ્લેખ કરવાની અત્યંત જરૂર છે, એટલા માટે તેના સબંધમાં કેટલીક મુખ્ય વાતો માટે આગળ કહેવામાં આવશે.

સ્વાવલંબનનો અર્થ એ છે કે આપણા બળઉપર આધાર રાખીને કામ કરવું. ઘણા લોકોને એવી ટેવ હોય છે કે તેઓ સઘળાં કામોમાં અને સઘળા પ્રસંગે બીજાની સહાયતા અથવા સંગની અપેક્ષા રાખે છે; તેઓ બીજાની સહાયતા વગર એક પગલું પણ આગળ ચાલી શકતા નથી, અને તેને લઇને તેઓનું સમસ્ત જીવન બગડી જાય છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ પોતે કદિપણ કોઇ જાતનો પરિશ્રમ અથવા ઉદ્યોગ કરતા નથી અને હમેશાં રામ આશરે પડ્યા રહેછે. તેઓ એમ સમજતા હોય છે કોઇ દૈવી શક્તિ આકાશમાંથી ઉતરીને પોતાના સઘળાં કામો કરી આપશે. એ બન્ને પ્રકારના મનુષ્યો કદિપણ સંસારમાં કોઇ સારૂ અથવા મોટું કાર્ય કરી શક્તા નથી.

સુપ્રસિદ્ધ અંગ્રેજ કવિ શેલીએ એક વખત કહ્યું છે કે મનુષ્ય માત્રમાં એક એવી શક્તિ ગુપ્ત રહેલ છે કે તે જો ચાહે તો આકાશના તારા નીચે લાવી શકે; પરંતુ તેને માટે તેણે પોતાનો હાથ ઉંચકવો જોઇએ. અહિંઆ ' હાથ ઉંચકવો ' એ સંસારના સર્વ કાર્યોનો મૂલ મંત્ર છે. આગળ એક સ્થળે કહેવાઇ ગયું છે કે મનુષ્ય પોતાને જેવો ઇચ્છે તેવો બનાવી શકે છે. પ્રત્યેક મનુષ્યે પોતાની ઉન્નતિને અર્થે પોતેજ પ્રયત્નશીલ બનવું જોઇએ અને કદિપણ બીજાની સહાયતાની અપેક્ષા ન રાખવી જોઇએ. તેમજ હમેશાં પોતાની જ શક્તિ ઉપર વિશ્વાસ રાખીને બધા કાર્ય કરવાં જોઇએ.

સંસારમાં પ્રવેશ કરતી વેળાએ પ્રત્યેક યુવકે સ્વાવલંબી બનવું જોઇએ. સ્વાવલંબનનો અર્થ એમ નથી કે તેણે કોઇ વિષયમાં પોતાના મિત્રોની સલાહ અથવા સંમતિ ન લેવી અને હમેશાં પોતાનુંજ મનધાર્યું કરવું. પણ કહેવાનું તાત્પર્ય એ છે કે તેણે હમેશાં પોતાના પગ ઉપર જ દૃઢતા પૂર્વક ઉભા રહેવું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઠિનતાઓનું નિવારણ તથા કાર્યોનું સાધન તેણે પોતાને હાથેજ કરવું. જો તેને ચાર માણસોની સાથે મળીને કામ કરવું પડે તો પણ પોતાનું કર્તવ્ય બીજાની સહાયતા વગર હમેશાં પોતેજ કરવું. એક પ્રસિદ્ધ અંગ્રેજી કહેવત છે કે એવા લોકોનેજ ઇશ્વરી સહાયતા મળ્યા કરે છે.

જે મનુષ્ય સાત્વિક ભાવથી કોઈ મહાન કાર્ય કરવા ઈચ્છતો હોય અથવા એક નિષ્ઠાથી ઘણું ધન સંચય કરવા ઇચ્છતો હોય તેણે બીજા પર નહિ પરંતુ પોતાની જાત ઉપર જ નિર્ભય રહેવું જોઇએ. મનુષ્યની ઉન્નતિ અને પૂર્ણતા હમેશાં સ્વાવલંબનથીજ થાય છે. આપણાં કાર્યો આપણી યોગ્યતાના વાસ્તવિક પરિચાયક નથી, પરંતુ આપણી યોગ્યતાનો વાસ્તવિક પરિચય આપણી કાર્ય કરવાની રીતથી થાય છે. અમુક મનુષ્યે કયું મહાન્ કાર્ય કર્યું એ નથી જોવામાં આવતું, પરંતુ તેણે પોતાના કર્તવ્યોનું પાલન કયી રીતે કર્યું એ જોવાય છે. તેમજ મનુષ્યના આત્માને વાસ્તવિક સુખ અને સંતોષ ત્યારેજ થાય છે કે જ્યારે તે યથા શક્તિ કોઇ કાર્યને માટે પુરેપુરો પરિશ્રમ કરે છે અને સમજે છે કે મેં તે કાર્ય માટે કોઇ જાતની ખામી રાખી નથી, પરંતુ જે મનુષ્ય વાતવાતમાં બીજાના મ્હોં તરફ નજર નાંખે છે તે કદિપણ કશું કાર્ય કરી શકતો નથી તેમજ તેના આત્માને સુખ અથવા સંતોષની પ્રાપ્તિ થતી નથી.

જબરજસ્ત તોફાન પછી ચારે તરફ નિસ્તબ્ધતા પ્રસરી રહે છે, ઘોર યુદ્ધ થયા પછી મંગળમય શાંતિ ફેલાઇ રહે છે, કઠિન પરિશ્રમ અને પ્રયત્ન કર્યા પછી વિજયની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. દૃઢ નિશ્ચયથી એ રીતે કાર્યસિદ્ધિ જરૂર થાય છે. પ્રત્યેક કાર્ય કરવા માટે કોઇને કોઇ ઉપાય અને પ્રત્યેક સ્થાને પહોંચવા માટે કોઇને કોઇ માર્ગ અવશ્ય સુઝી આવે છે. જે લોકોએ પોતે કઠિન પરિશ્રમ કરીને અને બીજાની સહાયતા વગર વિદ્યા અથવા વૈભવ ઉપાર્જન કર્યા હોય છે અથવા કોઈ મહાન્ વૈજ્ઞાનિક આવિષ્કાર કર્યા હોય છે તેઓના જીવન ચરિત્ર વાંચીને લોકોમાં વિશિષ્ટ પ્રકારની સ્ફુર્તિ આવી જાય છે–તેઓમાં નવીન સંજીવની શક્તિનો સંચાર થઇ જાય છે. લોકો સમજવા લાગે છે કે જે રીતે તે લોકોએ મહાન્ કાર્ય કર્યા છે તે રીતે આપણે પણ મહાન કાર્યો કરવા સમર્થ થઇએ છીએ. આત્માવલંબનના દૃષ્ટાંતો એ રીતે બીજાઓને પણ આત્માવલંબન શીખવે છે. અને તેને માટે ઉત્તેજીત કરે છે.

[ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુસાફરને!

રાગ–માઢ—( અમારી ગુણવંતી ગુજરાત. )

મુસાફર ! સાચો પન્થ ન ભૂલ, ( ૨ )

સાચો માર્ગ આ શ્રી મહાવીરનો, મળીઓ મહા અનુકુળ,
જ્ઞાનનું પાન કરી પ્રેમેથી, કાઢી લે ભવ દુઃખ શુળ. મુસાફર.

મોજ–મજામાં ઘેલા માનવ, શીદને રહે મશગુલ,
એ પન્થે છે આત્મ ગુણોની, હાનિ તો કર નહિ ભુલ. મુસાફર.

પરધન–પરસ્ત્રીની લેશ લાલચમાં, લપટીશ નહિ બીલ્કુલ,
આતમનું હિત એથી ન થાશે, રહેશે ધુળની ધુળ. મુસાફર.

સદ્‌ગુરૂ સંગે જ્ઞાન તરંગે, રંગે ઊમંગે ઝુલ,
તત્વ વિચારી તુર્ત શોધી લે, ભવ ભ્રમણાનું મૂળ. મુસાફર.

વીર પ્રભુનું શાસન પામી, પામી આ સમય અમૂલ,
મંનસુખ સફળ મુસાફરી કરવા, ભક્તિમાં કર દેહ ડુલ. મુસાફર.

**મનસુખલાલ ડાયાભાઇ શાહ—વઢવાણ કાંપ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પૂનામાં અપૂર્વજ્ઞાન મહોત્સવ.
## તેનો સુંદર દર્શનીય કાર્યક્રમ.

**મીસ જોન્સનનું જ્ઞાનના દર્શનાર્થે આવાગમન તથા પૂનાના પ્રસિદ્ધ પ્રોફેસરોનું જ્ઞાન મહોત્સવ જોવા આવવાનો રમ્ય સમય.**

બે દિવસ વધુ ચાલેલો પ્રોગ્રામ.

પૂનામાં પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલનાં સંસ્થાપક વિદ્વરત્ન મુનિ મહારાજશ્રી **ચારિત્રવિજયજી** ( કચ્છી ) ના વિદ્વાન શિષ્યો મુનિ મહારાજશ્રી **દર્શનવિજયજી આદિ** બિરાજે છે. તેમના ઉપદેશથી પુનામાં થયેલ જ્ઞાન મહોત્સવ અપૂર્વ હતો. બરાબર કાર્તિક શુદિ બીજથી મુનિ મહારાજ શ્રી જ્ઞાનવિજયજીએ જ્ઞાનરચના કરવાનો પ્રયાસ શરૂ કર્યો. ત્રણ દિવસ સુધી લાગટ પ્રયાસ કરી પુસ્તકોની સુંદર રચના કરી જૈન જીવનના તંત્રી શ્રીયુત મોતીલાલ લાધાજીએ પોતાનો અનુપમ પુસ્તક સંગ્રહ રજુ કર્યો–મહારાષ્ટ્રીય જૈનના તંત્રી પોપટલાલ રામચંદ શાહે તેમાં રસ ભર્યો ભાગ લીધો અને આ સિવાય બીજા પણ સંઘના કાર્યકર્તાઓએ ખુબ ભાગ લઇ આ મહોત્સવ શોભાવવા ખુબ પ્રયત્ન કર્યો. પૂનામાં આવો સુંદર જ્ઞાનમહોત્સવ–જ્ઞાન રચના હજી સુધી કદી થઇ નહોતી. સુંદર ત્રણ ખંડમાં **પ્રાચીન અર્વાચીન પુસ્તકો** અનેકવિધ ફરનીચરથી શોભાવવામાં આવ્યાં હતાં, એક બાજુ જૈન સમાજનાં બધાં પ્રસિદ્ધ પત્રો ગોઠવવામાં આવ્યાં હતાં, બીજી બાજું પ્રાચીન તાડપત્રના પુસ્તકોના ફોટા મુકવામાં આવ્યા હતા, તેની નજીકમાં હસ્તલિખિત સુંદર પ્રાચીન પ્રત્રો, જુનાં ચિત્રો, સ્તોત્રબદ્ધ કુલમાળા, કલિકાળ સર્વજ્ઞ ચાતુર્વિધૈક બ્રહ્મા શ્રીમદ્ હેમચંદ્રસૂરિશ્વરજીનો ફોટો, ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક સૂત્રના ફોટા, નજીકમાં **મોટા ગરૂડા પાર્શ્વનાથજીનો ચિતરેલો ફોટો** સાધુઓનાં ઉપકરણો આદિ ગોઠવવામાં આવ્યાં હતાં.

જ્ઞાન પંચમીની સ્હવારમાં જ સેંકડો જૈનો જ્ઞાનના દર્શનાર્થે આવતા હતા, પૂજ્ય મુનિ મહારાજશ્રી દર્શનવિજયજીએ સ્હવારમાં જ્ઞાનનું માહાત્મ્ય, જ્ઞાનનો પ્રતાપ, જ્ઞાનપંચમી, જ્ઞાન સંબંધી સુંદર સચોટ વ્યાખ્યાન આપ્યું હતું.

છઠ્ઠને દિવસે અગાઉથી જાહેર થયા પ્રમાણે મીસ જોનસન આવવાનાં હોવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી જ **"જ્ઞાનપંચમી મહોત્સવ"** સંબંધી આમંત્રણ કાર્ડ કાઢી અહીંના **જૈનેતર વિદ્વાન,** પ્રોફેસરોને મોકલાવ્યાં હતાં. આજે પણ બાકી રહેલો તથા **લશ્કરનો જૈનસમાજ** જ્ઞાનના દર્શનાર્થે આવતો હતો. બપોરે બરોબર ૧ાા વાગ્યાથી જનતા આવવા માંડી હતી, પ્રોફેસર લધ્ધુ પ્રથમ આવ્યા હતાં ત્યાર પછી મહારાષ્ટ્રના વિદ્વાન સમાજનું નૂર પ્રોફેસર **શિવનાથ પરાંજપે, વેદાન્ત વાગીશ વ્યાકરણાચાર્ય શ્રીધર શાસ્ત્રી પાઠક** મહાન **જ્ઞાનકોષના** કાર્યકરતા પ્રોફેસર **દાંતે** આવ્યા અને જૈનધર્મનો આ અપૂર્વ પુસ્તક સંગ્રહ જોઇ ઘણાજ આનંદિત થયા. જેસલમેરના ભંડારના તાડપત્રના ફોટાઓ સાધુઓનાં ઉપકરણો અને તેમાંય ઓઘા, પાત્રાં આદિ જોઈ ઘણા રાજી થયા. દરેક પ્રાચીન પુસ્તકો ઝીણવટથી તપાસી કઈ સાલમાં કોણે બનાવ્યા ઇત્યાદિ જ્ઞાન મેળવતા હતા. ત્યારપછી સાડા ત્રણ વાગે મીસ જોનસન અને પ્રોફેસર શરૂ આવ્યા અને તેમણે પણ ખુબ ઝીણવટથી પુસ્તકો તપાસ્યાં. ચૌદ સ્વપ્ન, ચાંદીનું કલ્પવૃક્ષ, જેસલમેરના ભંડારના પુસ્તકોના ફોટાઓ. સાધુઓના ઉપકરણો તપાસ્યાં મુનિ મહારાજોને મળ્યાં અને પછી બધાં સામેના વ્યાખ્યાન હોલમાં પધાર્યા.

ત્યાં પ્રથમ પ્રોફેસર શરૂએ મીસ જોનસનની ઓળખાણ આપતાં જણાવ્યું કે **"ત્રિષષ્ઠિ" નું ઇંગ્લીશ ભાષાંતર તેઓ કરે છે** તેઓ બી. એ. છે અને જૈન સાહિત્યનો અભ્યાસ કરવા અમેરિકાની યુનિવરસીટી તરફથી અહીં આવ્યાં છે. ત્યાર પછી પ્રોફેસર **શિવનાથ મહાદેવ પરાંજપે બોલ્યા કે આજે** જૈન **ધર્મને રાજ્યાશ્રય નથી છતાં** જૈનધર્મ **આટલી ઉન્નત સ્થિતિએ હોય તો આ તમારાં જ્ઞાન ભંડારનાં પુસ્તકો, ત્યાગી સાધુઓ અને શ્રીમંત જૈનોને જ આભારી છે.** અમારા વૈદિક સાહિત્યમાં જ્ઞાનનું માહાત્મ્ય છે પણ આટલું બધું નહિં. તમારામાં જ્ઞાનપૂજા અને જ્ઞાન માહાત્મ્ય બહુ સુંદર અને ઉંચ છે. જૈનેતરોએ આમાંથી ઘણું શીખવાનું છે, જૈન સાહિત્યનો આવો અપૂર્વ ખજાનો અહીં જોઈ મને ખુબ આનંદ થયો છે, **આવી જ્ઞાનપંચમી એક દિવસ માટે નહીં પણ હંમેશને માટે જ્ઞાનપંચમી થાય ને તેના ઉત્સવો થાય તો કેવું સારૂં. જૈનેતર** વિદ્વાનોને જૈનધર્મના સાહિત્ય તરફ હવે પ્રેમ જાગ્યો છે તો તમે તેમને તમારૂં સાહિત્ય પુરૂં પાડો, તેમની જ્ઞાનપિપાસા સંતોષવા પ્રયાસ કરો તો સારૂં. અમારે તમારા ધર્મનાં પુસ્તકોનો અભ્યાસ કરવો હોય પણ તમારા પુસ્તકો ન મળે. **અહીં પૂનામાં એકપણ સારી** જૈન **સાહિત્યની લાયબ્રેરી નથી માટે અહીંના શ્રીમંત જૈનો અને મુનિ મહારાજોને મારી સુચના છે કે એક સુંદર જ્ઞાનભંડાર–લાયબ્રેરી સ્થાપી તમારી જ્ઞાનભક્તિ બતાવો મને આજનો આ સમારંભ જોઈ ખુબ આનંદ થયો છે.** ત્યાર પછી વેદાન્ત વાગીશ પાઠક શાસ્ત્રીએ કહ્યું કે આ જ્ઞાન પ્રદર્શન નહીં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જ્ઞાન વિલાસ** છે. **જૈન** સમાજમાં **હેમચંદ્ર સૂરિશ્વર એક સમર્થ જ્ઞાની આચાર્ય** થઇ ગયા છે. જૈનેતરોમાં વ્યાકરણ તો હેમસૂરિનું પણ વ્યાકરણ અમારૂં, કાવ્યપ્રકાશ તો હેમસૂરિનું કાવ્યાનુશાસન, છન્દોનુશાસન આદિ ગ્રંથો છે. જૈનોમાં એક પ્રથા સુંદર છે કે મૂળ ગ્રંથ ઉપર પોતેજ ટીકા રચે છે જેથી અર્થની વિકૃતિ ન થાય. અમારા ગ્રંથોમાં મૂળ બીજાનું હોય તો ટીકા બીજાની હોય છે ખરેખર હેમચંદ્રાચાર્યથી જૈન સાહિત્ય શોભે છે. તેઓ ન થયા હોત તો આજે જૈનસાહિત્ય આટલી ઉન્નત સ્થિતિએ ન હોત. પ્રોફેસર **દાંતેએ કહ્યું કે મરાઠી જ્ઞાનકોષ વખતે અમને તમારાં પુસ્તકો ન્હોતાં મળ્યાં, નહીં તો ભૂલો ન થાત. અમને તો ખબર પણ નહિં કે તમારૂં આટલું બધું પુસ્તક સાહિત્ય છે. હવે ગુજરાતી જ્ઞાનકોશ વખતે અને મરાઠી જ્ઞાનકોશના સુધારામાં** જૈન **મંડળીના સહકારથી કામ કરી ભૂલો સુધારીશું** અને **તમારા પુસ્તકોનો સારો** ઉપયોગ **કરીશું**. પૂનામાં આવો જ્ઞાન સમારંભ પ્રથમ છે, આવા પુસ્તકો મળવા દુર્મીલ છે. આ વખતે પ્રોફેસર **પોતદાર** તથા **ભાંડારકર ઈન્ટસ્ટીટયુટના સેક્રટરી** પ્રોફેસર **વેલવન્કર આવ્યા હતા**. ત્યારપછી એક ભાઇએ હિન્દીમાં ભાષણ કર્યું હતું તેમની પછી આર્હત મત પ્રભાકર તરફથી છપાયેલાં પુસ્તકો પ્રોફેસર વેલવનકરના હાથે મીસ જોનસનને ભેટ આપવામાં આવ્યાં હતાં. પ્રોફેસર વેલવનકરે પહેલાં ઈંગ્લીશમાં અને પછી મરાઠીમાં ભાષણ કરતાં કહ્યું કે જૈન સાહિત્યમાં પુષ્કળ ગ્રંથો છે પણ અત્યાર સુધી જૂના મૌલીક ગ્રંથો બહાર ન્હોતા પડતા તે હવે બહાર પડવા લાગ્યા છે એ ઘણું સારૂં છે. અમારે જૈન સાહિત્ય સંબંધી જાણવું હોય તો જર્મન સાહિત્ય જોવું પડે છે તો તમે હવે સારા ગ્રંથો બહાર પાડો અને જૈનેતર વિદ્વાનોને આપો. ત્યાર પછી પ્રોફેસર **પોતદારે બહુ સુંદર ભાષણ કરતાં જણાવ્યું** કે તમારા સાહિત્યના ઘણાં અવશેષો કર્ણાટક તરફ છે. હું હમણાં વિજય નગર તરફ જઇ આવ્યો ત્યાં તો તમારા ધર્મનાં અવશેષો એટલાં બધાં છે કે તે તરફના લોકોને બીલકુલ દરકાર નથી. તમારા સાહિત્યમાં બધાને પ્રેમ છે મત ભેદ કાઢી સાહિત્ય તપાસીએ તો ઘણું ઘણું જાણવાનું તમારા સાહિત્યમાંથી મળે તેમ છે. જર્મનીમાં જે તમારા ગ્રંથો છે તે બહુ થોડા અને ટુંકા છે. જૈન સાહિત્ય સંબંધી એક એવો ગ્રંથ બહાર પાડો કે તેમાં બધાં તત્વોનું જ્ઞાન પ્રાપ્ત થાય. તેમણે પણ જૈન જ્ઞાન ભંડાર લાયબ્રેરીની ખાસ જરૂર બતાવી હતી, પૂના આખા મુંબઇ ઇલાકાનું કેળવણીનું કેંદ્ર અને અહીં જૈન સાહિત્યના અભ્યાસીઓ માટે અપૂર્વ જૈન ગ્રંથોની એક પણ સેન્ટ્રલ લાયબ્રેરી ન હોય તે ઠીક નહીં. ત્યારપછી મીસ જોનસન થોડું બોલ્યાં હતાં. " તમે મારૂં આટલું બધું ગૌરવ કર્યું તેથી હું ઘણી ખુશી થઇ છું મેં આ જ્ઞાન સમારંભ-જ્ઞાન ભાંડાર જોયો અને તપાસ્યો. મારૂં મન ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રફુલ્લિત થયું છે હું તમારા ઘણાં તીર્થ ક્ષેત્રોમાં ગઇ છું. તમારા સમાજે મારો ખુબ સત્કાર કર્યો છે મને **જૈન** ધર્મના સાહિત્ય ઉપર ખુબ પ્રેમ છે અને હું તે અધ્યયન કરૂં છું. ત્યારપછી મરાઠી જ્ઞાન કોશના કર્તા ડો. કેતકર પી. એચ. ડી. એ જણાવ્યું કે ખરેખર આજના આ સમારંભથી અમને ખુબ આનંદ થયો છે. તમે અહીં જૈન લાયબ્રેરી સ્થાપો તો ઘણું સારૂં છે. એક દિવસ માટે આવો ઉત્સવ કરી બેસી રહો તે ઠીક નહીં. નિરંતર આવું થાય એ સારૂં છે. મુનિ મહારાજશ્રી **દર્શનવિજયજીએ ગુજરાતીમાં** વ્યાખ્યાન આપતા જણાવ્યું કે અમારા સાહિત્યની સેવા વૈશ્યોએજ નહિંપણ ક્ષત્રિઓ અને બ્રાહ્મણોએ પણ ખુબ કરી. **અમારા તીર્થંકરો તથા મલ્લવાદી** આદિ આચાર્ય ક્ષત્રિઓજ હતા. જૈન ન્યાયના આદ્ય ગ્રંથકર્તા **સિદ્ધસેન દિવાકર** અને ચૌદસો ચુમાલીસ ગ્રંથોના કર્તા **હરિભદ્રસૂરી** આદિ બ્રાહ્મણોજ હતા. હેમચંદ્રાચાર્યથી એકલા જૈનોજ નહિં પણ આખુ ગુજરાત અભિમાન લે તેમ છે. ગુજરાતમાં કોઇ વ્યાકરણી નથી પાકયો. સમર્થ કવિ યોગી નથી પાકયો, હેમચંદ્રસૂરિજી બધામાં પ્રથમ છે. જ્ઞાન અને જ્ઞાનનું માહાત્મ્ય જૈન શાસ્ત્રોમાં બહુ ઉંચું પ્રકાશ્યું છે. જૈનોએ સંસ્કૃત સાહિત્યની ખુબ સેવા બજાવી છે. આજે પંચાંગી વ્યાકરણ હેમચંદ્રાચાર્યનું છે. બીજા કોણ છે કે જેણે પંચાગી વ્યાકરણ સ્વતંત્ર બનાવ્યું હોય. પ્રોફેસર પરાંજપેએ કહ્યું તેમ અહિં નિરંતર જ્ઞાન ઉત્સવ થાય તે માટે સુંદર જ્ઞાન ભંડારની આવશ્યક્તા છે.

ત્યારપછી પોપટલાલ શાહે બધાનો આભાર માન્યો હતો અને છેલ્લે શેઠ બાબુલાલ નાનચંદે મીસ જોનસનને કહ્યું કે આપને જોવા અહીંની ઘણી બ્હેનો આવી છે માટે આપ થોડીવાર સભામાં ઉભા રહો તો સારૂં. ત્યારપછી મીસ જોનસન થોડીવાર ઉભાં રહ્યાં હતાં. આજે આખું પૂના અહીં હાજર હતું. ઉભા રહેવાની જગ્યા ન્હોતી ઉપર બારીઓએ અને અગાશીમાં પણ માણુસો સમાતા ન્હોતા. ત્યાંથી પછી બધી મંડળી ઉઠી. ફરીવાર પુસ્તકો તપાસવા ગઇ હતી.

ત્યારપછી ફોટો લેવામાં આવ્યા હતો. ત્રીજે દીવસે અહીં પૂજા રાખવામાં આવી હતી. આજે પણ આ સુંદર જ્ઞાન રચના જોવા જૈનો આવેજ જાય છે અને કહે છે કે અમારી જીંદગીમાં આવું સુંદર નથી જોયું; આનો ખાસ પ્રયત્ન અહીં બિરાજતા મુનિ મહારાજોનોજ છે.

**તા. ક.**—આજે અહીંના પ્રસિદ્ધ પત્ર **કેસરી**માં આ જ્ઞાન સમારંભના સમાચાર આવ્યા હતા તે વાંચી બીજા ઘણા અજૈન વિદ્વાનો જ્ઞાન રચના જોવા આવ્યા હતા. તેમાં હિન્દુ મહાસભાના પ્રમુખ ચિત્રાવશાસ્ત્રી, તથા તિલક મહા વિદ્યાલયના પ્રમુખ આદિ મુખ્ય હતા. તેમણે કહ્યું કે " જૈન વાંઙમય આટલા બધા વિપુલ પ્રમાણમાં છે તેની તો અમને કલ્પના પણ નહોતી. અહીંના જૈનોને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખબર નહીં હોય કે અમારૂં વાઙમય આટલા વિપુલ પ્રમાણમાં છે. અમે તો આજેજ આટલાં બધાં તમારાં—જૈન ધર્મનાં પુસ્તકો જોયાં. હું ખુબ ખુશી થયો છું, મને લાગે છે કે આ સમારંભ બે દિવસ લંબાવો તો સારૂં. ઘણા અજૈન વિદ્વાનોને આ સમારંભની આજેજ ખબર પડી છે; કાલે ઘણા વિદ્વાનો આવશે. તેમના કહેવાથી સમારંભ કાર્તિક શુદિ ૯ સુધી રાખવામાં આવ્યો હતો. ઘણા અજૈન વિદ્વાનો તેનો લાભ લઈ ગયા છે.

આજે તારીખ ત્રીજીએ પણ ઘણા અજૈન વિદ્વાનો આવ્યા હતા. મી. મજમુદાર ( સરદાર ) તો આ પુસ્તક સંગ્રહ જોઈ ખુબ આનંદિત થયા અને જણાવ્યું કે "હું સંસ્કૃત વાઙમયનો સારો અભ્યાસી છું તેમાં તમારા જૈન ધર્મના સાહિત્યનો અદ્વિતીય હિસ્સો છે. અમારા કરતાં તમારૂં સાહિત્ય ઘણું જુનું—પ્રાચીન છે. પછી મુનિ મહારાજોને કહ્યું કે "જો આપ અહીં સાર્વજનિક જૈન લાયબ્રેરી કરો તો હું પણ જરૂર મદદ આપીશ. સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓને તમારૂં સાહિત્ય વાંચ્યા સિવાય ચાલે તેમજ નથી. મારા સંગ્રહમાં પણ તમારા ધર્મના ઘણાં પુસ્તકો છે વગેરે વગેરે.

તારીખ ચોથીએ સ્હવારમાં આ જ્ઞાન સમારંભ પૂર્ણ થયું હતું.

## "શિખરપરથી દૃષ્ટિપાત."

**સાધુ સમ્મેલનઃ—**

શ્રી શત્રુંજયના પ્રશ્ને આખી સમાજને હચમચાવી મુકી છે, સારૂંય ભારત વર્ષ આપણા આ પ્રશ્ન તરફ આતુર નયને જોઇ રહ્યું છે, મહાસાગરની ભરતીની જેમ આપણાં હૃદયો ખળભળ્યાં પણ પરિણામની આશા હજી જણાતી નથી. નોકરશાહીના હૃદયમાં ગમે તે ભાવના હોય છતાં તમાચો મારી મોઢું લાલ રાખવામાં આવે છે. પણ આ વખતે અમારી સમાજના સુકાનીઓ, અમારી સમાજના શિરતાજો, મુગટ મણીઓ, ત્યાગી સાધુઓ ક્યાં છે ? શું આ પ્રશ્ને તેમનાં હૃદય નથી હચમચાવ્યાં ? અમારા તીર્થો એ શિરતાજોએજ સંરક્ષ્યા છે, એ મુગટ મણીઓના પ્રતાપેજ ઝળહળી રહ્યાં છે; એ અમારા લક્ષ્ય બહાર નથી. પરન્તુ આજે એ સુકાનીઓની પરમ આવશ્યકતા છે આજે સમાજ પોકારીને આહવાન કરે છે. ક્યાં છે અમારા એ સુકાનીઓ આવો આવો બહાર આવી આપનું સુકાન સંભાળો. આવા કટો કટીના મામલામાં અમારા ત્યાગી સાધુ મહાત્માઓ એક સ્થળે ભેગા મળી વિચાર વિનિમય કરી, મતભેદ દફનાવી એક રાજમાર્ગ સમાજ સન્મુખ મુકવો જોઇએ; અને તેને માટે **એક સાધુ સમ્મેલનની અનિવાર્ય અગત્ય છે.**

\+ \+ \+ \+ \+ \+

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે સાધુઓના વચનો ઉપર સમાજ પોતાનો બધો ભોગ આપવા તૈયાર છે, તેમના ઉપદેશથી સમાજનો ઉદ્ધાર રક્ષણ માત્ર થાય તેમ છે. તેમની શક્તિ, તેમનો ત્યાગ અને ચારિત્ર તેજ એટલાં અદ્ભૂત, અનુપમ છે કે તેઓ ધારે તે જરૂર કરી શકે એનો અમને વિશ્વાસ છે. પણ આજે એ શક્તિ ફેરવનાર સમર્થ સાધુ પુરૂષની જરૂર છે. આજે સમાજ સુયોગ્ય નેતાની તીતીક્ષા કરી રહી છે. ચોતરફથી હુમલાઓ થઇ રહ્યા છે. દિગંબરો તીર્થો અને મંદિરોના ભાગને મેળવવા માટે કમ્મર કસી આપણી સામે મોરચા માંડી રહ્યા છે. જૈનેતરો પણ આપણા આચાર્ય દેવો ઉપર મનમાનતા આક્ષેપો કરી મજા માણી રહ્યા છે. અને આજનો યુવાન વર્ગ ધાર્મિક જ્ઞાનથી વિરક્ત બની અજૈનોના પંથના પગરણ માંડવા ઉત્સુક છે. આવા વિકટ સમયમાં અમારા સાધુ મહાત્માઓ એકત્ર થઇ વિચારોની આપ લે કરવા, તીર્થ ધર્મ અને સમાજના ઉદ્ધાર માટે એક ન થઇ શકે ? આજે ઉપદેશની એક વાકયતા ન થઇ શકે ? **સાધુઓના સમ્મેલન સિવાય,** તેમનામાં એકતા થયા સિવાય ઉપદેશની એક વાકયતા થવી અશકય છે, જ્યાં પોતાના સુકાનીઓમાં નેતાઓમાં એકતા ન હોય, ભેગા મળી કાર્ય કરવાની ઇચ્છા ન હોય, અને ઉપદેશની એક વાકયતા ન હોય તો પછી અનુયાયિઓમાં એકતા થવી મુશ્કેલ છે. આજે ગામોગામ કુસંપનું કરવત ઝપાટાબંધ આગળ વધતું જાય છે. અને તેનાં પરિણામો પણ અનિષ્ટ આવતાં જાય છે. ધાર્મિક અને સામાજીક કાર્યોમાં મંદતાનો પવન લાગી ગયો છે. તો આપ સાધુ મહાત્માઓ ઉપદેશના તણખાથી મંદતાને દૂર કરો, કાર્ય શકિતની જ્વાલા પ્રગટાવો.

એક વાર જૈન સૂત્રો કંઠથી દૂર થવાની તૈયારીમાં હતાં. તે વખતે મહર્ષિ દેવર્દ્ધિ ગણી ક્ષમાશ્રમણે મોટું સાધુમંડળ એકઠું કરી શત્રુંજયની છાયામાં—વલ્લભીમાં જૈન આગમો પુસ્તકો—તાડપત્રો ઉપર લખાવરાવ્યાં, મથુરામાં પણ એ રીતેજ બન્યું છે અને આગમો જળવાઇ રહ્યાં. આવીજ રીતે આપણા છેલ્લા ક્રિયોદ્ધાર વખતે પણ બન્યું છે. તપસ્વી શ્રી સત્યવિજયજી ગણી અને મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ અનેક સુસાધુઓને એકઠા કરી શાસ્ત્રાધારે ક્રિયોદ્ધાર કર્યો હતો. એ કોનાથી અજાણ્યું છે ? આજે એ સમય નજીક આવી પહોંચ્યો છે. આપણામાં સ્વતંત્રતા અને અંતર અવાજના નામે સ્વચ્છંદતા પોષાય છે. જેને જેમ આવે તેમ બોલવા લખવાની છૂટનો પરવાનો મલી ગયો હોય તેમ આપણાજ ભાઇઓ આક્ષેપ વિક્ષેપ ઉપજાવે તેવા લખાણો અને ભાષણો આપી રહ્યા છે. સાધુઓમાં પણ બે વર્ગ ઉઘાડા પડી ગયા છે. એક જૂને ચીલે શાસ્ત્રાધારે ચાલવા તૈયાર છે–ચાલે છે, ત્યારે બીજો વર્ગ નવો ચીલો પાડી શાસ્ત્રાધારની બહુ મદદ લેવા તૈયાર નથી–નથી લેતો. બન્ને વર્ગના ઉપદેશમાં પણ ફેર હોય છે. એક મંડન પદ્ધતિએ સારૂં કામ કરવા પ્રેરાય છે તો બીજો સારા કે નરસાનો વિચાર રાખ્યા વગર ઉચ્છેદક શૈલીએ કામ કરે છે. આવી અનેક વાતોનો રીતસરનો નિકાલ પરસ્પર પ્રેમ ભાવથી મળી વિચારોની આપ લે કરવાથી સહજ સાધ્ય છે. હજી સમય છે. અમે તો અગાઉથી રીતસરની ચેતવણીરૂપે લાલબત્તી ધરીએ છીએ, આ પરિસ્થિતિ આગળ ન વધવા દેશો. શત્રુંજયનું કોકડું વિશેષ ગુંચવાતું જાય છે, સમાજની પરિસ્થિતિ કફોડી થતી જાય છે. ગામોગામ કુસંપનું કરવત નિડરતાથી આગળ ધસતું જાય છે, ધાર્મિક જ્ઞાન આસ્થા, શ્રદ્ધા ઓછાં થતાં જાય છે—તેનાં પુર ઓસરતાં જાય છે. આચારનું શૈથિલ્ય ધીમે ધીમે આવી રહ્યું છે. ચો તરફ મંદતા ફેલાતી જાય છે. આવા સમયમાં બધા સાધુઓ એક સ્થાને મળે અને પરિસ્થિતિ ઉપર વિચારણા ચલાવી સમાજમાં જાગૃતી, જોમ અને કાર્યશક્તિની ચીણગારીઓ પ્રગટાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજનું સુકાન હાથ લઈ ઝોલાં ખાતાં વહાણને સ્થિર–દૃઢ બનાવો તેની ગતિનો વેગ સવળો કરી આગળ ધપવાનું જોર—શક્તિ આપો, અને સમાજને યોગ્ય પંથે દોરી શ્રી જીનશાસનનું પણ ભલું કરો, વિદ્વાન ચારિત્રશીલ સાધુઓમાં સાધુ સમ્મેલનની ભાવના ઘણીવાર પ્રગટી છે, પ્રગટે છે પણ એ ભાવના તે ભાવનાજ રહે છે તે ક્રિયામાં નથી મુકાતું. તો અમારી સૂચના લક્ષ્યમાં રાખી એક સુંદર સ્થલે સાધુ સમ્મેલન મળે, સમાજના ઉદ્ધારના માર્ગો ચર્ચાય તો તો અષાઢી મેઘલી અંધારિ રાત્રિમાં વિજળીના ચમકારા—પ્રકાશ જેવું આર્શિવાદ રૂપ લેખાશે. અન્તમા ફરીથી કહીએ છીએ કે સમાજનો અને ધર્મનો ઉદ્ધાર જલદી તોજ થશે કે ટુંક મુદતમાં સાધુ સમ્મેલન મળે. આ સિવાય બીજો કોઇ સરલ માર્ગ અમને નથી સુઝતો.

\+ + + + + +

**જૈન શુદ્ધિ અને સંગઠ્ઠન—**

આજે હિન્દુ મુસ્લીમ ઝઘડાએ આ શબ્દ ખુબ પ્રચલિત કરી દીધો છે. જૈનોમાં પણ તે પ્રશ્ન શકય છે કે કેમ તે માટે ચર્ચા ચાલી રહી છે. ઘણા ભાઇઓ એમ માન્યતા ધરાવે છે કે તે માર્ગ ખૂલ્લો કરવો જરૂરી છે. અમે અમારો માર્ગ આગળ ઉપર સમયે જણાવીશું પણ થોડી વાતો કરી લઇએ. પ્રથમ આપણા જૈનોનોજ વિચાર કરો. એકજ ગામમાં પાંચસો પાંચ હજાર કે સો જૈનોનાં ઘર છે ત્યાં દશા, વીસા, પોરવાડ, ઓસવાલ, શ્રીમાલી, ઇત્યાદિનાં પરસ્પર તડ–ઘોળ બંધાએલા હોય છે; અને તેમાં એકજ ન્યાતમાં તડ હોય છે કે પરસ્પર કન્યા ન લેવી દેવી, સામા પક્ષવાળા સાથે જમવું પણ નહિં એટલે સુધી પણ કયાંક હોય છે. એકજ પ્રભુના પૂજારી, એકજ ધર્મના પાલક અને એકજ ગામમાં રહેનાર સાથે આવો વર્તાવ એ કેટલું અનિષ્ટ છે. ગુજરાતવાસી જૈન ગમે ત્યાં જાય કચ્છ, કાઠિયાવાડ, માળવા મેવાડ, બંગાળ, કે મહારાષ્ટ્ર ત્યાંના દરેક જૈન સાથે ખુશીથી જમી શકે તેમ ઇતર પ્રાન્તીય જૈન ગુજરાતી જૈન સાથે પણ જમી શકે—નવકારશીમાં ભેગા બેસી જમણ જમી શકે. તેમજ ગુજરાતની કન્યા ગુજરાત બહાર ઇતર પ્રાંતમાં કે ઇતર પ્રાંતની કન્યા ગુજરાતમાં આવી શકે. તેમાં વાંધો શું છે તે નથી સમજાતું. પ્રથમ પોતપોતાના ગામનાં બંધનો તોડવાં જોઇએ અરસપરસ રોટી અને બેટી વ્યવહાર થાય તેમાં કયાં વાંધો નડે છે તેની વિચારણા થવી જોઇએ. આ ઘોળોના અને બંધનોના પ્રતાપે ગામડાઓમાં અને શહેરો પણ સામાન્ય સ્થિતિના વિચારશીલ સુદૃઢ જૈન યુવાનોને કન્યા નથી મળતી તેઓ કાંતો એમને એમજ કંટાળાભર્યું જીવન ગાળે છે, કાંતો અધમ માર્ગે ચઢે છે, અને કાંતો પરધર્મમાં ચાલ્યા જાય છે. આવા દાખલાઓ તો ઘણાય છે પણ એક દાખલો બસ થશે. વડોદરા પાસે એક ગામડામાં સો વર્ષ પહેલાં કોઇ વિદ્વાન જૈન સાધુ મહાત્માના ઉપદેશથી ત્યાંના વૈષ્ણવોએ તેમનું થોડું ઘણું અનુકરણ કર્યું. હવે તેમણે જૈનધર્મ સ્વીકાર્યો. કંઠી તોડી નાખી. આજુબાજુના કેટલાએક વૈષ્ણવોએ તેમનું થોડું ઘણું અનુકરણ પણ કર્યું. હવે તેમણે જૈનધર્મ સ્વીકાર્યો એટલે વૈષ્ણવોએ તેમની સાથેનો બધો વ્યવહાર તોડી નાખ્યો—વૈષ્ણવોએ કન્યા આપવી બંધ કરી. પરસ્પર એકજ કુટુંબના હોવાથી કન્યાવ્યવહાર થઈ ન શકયો. ત્યાંના મોટા શહેરમાંના ઘોળમાં ભળવા અરજીઓ કરી પણ વ્યર્થ ગઇ છે. એ ગામડીઆઓનું કોણ સાંભળે. જેમની આશાએ તેમણે ધર્મ સ્વીકાર્યો હતો તે સાથીદારોએ ધીમે ધીમે સાથ છોડી દીધો.

\+ + + + + +

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્તે તેમની સ્થિતિ "ધોબીનો કુતરો નહિં ઘરનો કે નહિં ઘાટનો" તેવી થઇ પડી. કેટલાકોએ તો આ જીવનધર્મ પાળ્યો, ઘણા વળી પાછા વૈષ્ણવ થઇ ગયા, પ્રાયશ્ચિત્ત કરી કંઠી બાંધી લીધી અને અત્યારે જે થોડાઘણા રહ્યા છે તે પણ વૈષ્ણવ થવાની તૈયારીમાં આવીજ સ્થિતિ મારવાડમાં પણ બન્યાની સાંભળી છે. આપણી આ સ્થિતિ છે. આ સ્થિતિ અસહ્ય છે. આપણે પરસ્પર જૈનોમાંજ જ્યાં આ સ્થિતિ પ્રવર્તતી હોય ત્યાં નવા જૈનો તૈયાર કરી–વધારી તેમને કઇ સ્થિતિમાં મુકવા છે? એ પ્રશ્ન વિચારણીય છે. આપણાજ જૈનોમાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર થાય તેમાં શું વાંધો છે? આ પ્રશ્ન આપણે જરૂર વિચારવો ઘટે છે. છેવટે ઓસવાળે ઓસવાળ કે પોરવાડે પોરવાડ તે જૈન ધર્મ પાળતો હોવો જોઇએ પછી ભલે ને તે ગમે ત્યાં વસતો હોય તોપણ તેની સાથે રોટી બેટી વ્યવહાર થાય એટલી છૂટ પણ મુકાય—તેનો વિચાર થઇ શકે કેમ?

\+ + + + + +

આવીજ રીતે સુરતના લાટવાણીઆ, કપડવંજના નેમાવાણીઆ, અને ભાવનગર તરફના ભાવસારો કે જેઓ જૈનધર્મ પાળે છે. લાટ વાણીઆ તો ઘણા જૂના સમયથી જૈન ધર્મ કુલ ધર્મ તરીકે પાળતા આવ્યા છે, આજે એમની કઇ સ્થિતિ છે? સુરત અને ભરૂચજીલ્લાના જૈનો તેમની સાથે જમવા તૈયાર નથી. તેમને નોકારસીમાં જમવા કે તેમની નોકારસીમાં જમવા તૈયાર નથી આને માટે ઘણા ઘણા પ્રયાસો થયા છે છતાં પરિણામ શૂન્ય આવ્યું છે. પરસ્પરનો સહકાર સધાતો નથી. અરે કેટલાએક ભાઇઓ તો તેમને જૈન માનવા પણ તૈયાર નથી. અન્તે એમાંથી એ પરધર્મમાં ચાલ્યા જાય છે. શું જૈનધર્મનો કોઇએ ઠેકો લીધો છે કે અમુકનેજ જૈન માનવા અને અમુકને ન માનવા? ખરેખર આપણે માથે એક ભયંકર કલંક છે. "નવકારમંત્રને ગણનાર દરેક નોકારશીમાં આવી શકે" એ પણ આપણે ભૂલી જઇએ છીએ. આપણે આપણાજ ભાઇઓને ન સાંભળી શકીએ, ઉચ્ચ પાયરીએ લઇ જવા પ્રયત્ન ન કરીએ, આપણી સમાન કક્ષાએ ન પહોંચાડી એ અને તેમને આભડછેટ ની ખાઇમાં પછાડીએ–તેમને આપણાથી હલકા ઉતરતા માનીએ તેના જેવું બીજું કયું કલંક હોઇ શકે? એક સમયે તે બંધનો જરૂરી હશે અત્યારે તે બંધનો જરૂરી નથી તેનાથી આપણો નાશ થાય છે, આપણી પ્રગતિ અટકી પડે છે. હજી જાગો તો સારૂં. ઉઠયા ત્યાંથી સ્હવાર ગણો નહિં તો એક દિવસ એમ સાંભળશો કે તેમાંથી આખો સમુદાય અ જૈન થવાની તૈયારીમાં છે–જૈન મટી ગયો છે.

આજે તેમનામાંથી જૈનત્વના સંસ્કાર ધીમે ધીમે ઓછા થતા જાય છે. તેનો યુવાન વર્ગ બંડ જગાવશે અને પરિણામ ભયંકર આવશે–આપણેજ ભોગવવું પડશે. અમને તો એમ લાગે છે કે આ સંબંધી લાગતા વળગતાઓ અને જાહેર પત્રકારો યોગ્ય ચળવળ કરશે. લોકમત કેળવી આ કલંક દૂર કરવા બનતું કરશે અને એ રીતે જૈન ધર્મની શાસનની અનન્ય સેવા બજાવવાનું પુણ્ય હાંસલ કરશે सवी जीव करू शासन रसीएवी भावदया मन उल्लसी. એ ચરિતાર્થ કરી બતાવશે. અને સાધુ મહાત્માઓ એકમતે આ સરલ પણ કુટ બનેલા પ્રશ્નનો યોગ્ય નિવેડો લાવશે એમ ઇચ્છીએ છીએ.

**તુલનાત્મક દૃષ્ટિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## અજ્ઞાનતાના શ્રાપ.

### શ્રી ગોધારી વીસાશ્રીમાળી જૈન દવાખાનાની રૂડી હીલચાલ.

### હીરાબાગમાં દેખાડવામાં આવેલી ફીલમ.

ગુરૂવાર તા. ૨૦ મી ઓકટોબર ૧૯૨૭ ના રોજ રાત્રીના કાવસજી પટેલ તળાવ આગળ હીરાબાગમાં, શ્રી ગોધારી વિશાશ્રીમાળી જૈન દવાખાના તરફથી ઉપરોકત આરોગ્યતાને લગતી સીનેમાની ફીલ્મ જૈનોને બતાવવા સારૂ શેઠ જીવણુચંદ ધરમચંદના પ્રમુખપણા નીચે એક મોટો મેળાવડો થયો હતો અને શરૂઆતથી જ સભાનો હોલ ચીકાર ભરાઇ ગયો હતો જે વખતે મી. નરોતમ બી. શાહે જણાવ્યું હતું કે આરોગ્યતાના વિષયને અંગે જૈનોની કેવી સ્થિતિ છે, તે સંબંધી વર્ણન કરવાનો અત્યારે અવકાશ નથી, બીજી કોમોના મરણ પ્રમાણની સંખ્યા જોતાં આપણામાં વધારે મરણો થાય છે તે આંકડાથી પુરવાર થયું છે. જૈન સેનીટરી એસોસીએશન નામની સંસ્થા થોડા વર્ષો અગાઉ હયાતીમાં આવી અને ટુંક મુદત માટે રહેવાના મકાનોની હાડમારી દુર કરી પણ જન સમાજનો ટેકો નહિં મળવાથી તે યોજના બંધ પડી છે. આરોગ્યતાનો વિષય એવો છે કે ભાગ્યે જ તેમાં જનસમાજ રસ લે છે. મકાનોની હાડમારી, હોસ્પીટલ અને મેટરનીટી હોમ્સ, જેવાં ખાતાંની આપણી કોમમાં ઘણી જ જરૂર છે. લાખોની સખાવત કરનારા શ્રીમંત જૈનો જીવદયાના હિમાયતીઓ ગણાવા છતાં, આપણા ભાઇઓના શરીરના રક્ષણાર્થે કાંઇપણ આપણે કાર્ય કરી શકતા નથી તે આપણી લોકમત કેળવવાની ખામી છે. જૈન સમાજની સહાયતા વિના આવાં કાર્યો થઇ શકતાં નથી. તેથી આરોગ્યતાના વિષયમાં લોકમત કેળવવાની બહુજ જરૂર છે, કેળવણીના પ્રયાસો માટે ખુશી થવા જેવું છે, પરંતુ તંદુરસ્તીનો સવાલ તેના કરતાં વધારે મહત્વતા ભરેલો મને લાગે છે કારણ કે કેળવણીના સંસ્કાર પામેલ હોવા છતાં અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ આજના ચિત્રપટમાં મી. કાંતિલાલ નામનો એક વિદ્યાર્થી આડે રસ્તે ઉતરી જઇ, તંદુરસ્તી નહિં સાચવવાને લીધે અને રોગને છુપાવવા માટે, આખા કુટુંબમાં કેવા રીતે રોગનો ફેલાવો કરે છે અને ડો. રોય નામનો નામાંકિત ડોકટર કેવી રીતે તેને શીખામણ આપી રસ્તા ઉપર લાવે છે તે પડદા ઉપર જોવાથી ખાત્રી થશે. દરેક ઉપદેશકે સમજવું જોઇએ કે તંદુરસ્તીની બાબતમાં આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવું તે પણ એક જનસમાજ પ્રત્યેની ઉત્તમ સેવા છે.

નેશનલ બેબીવીક પ્રોપેગેન્ડા કમીટી તરફથી કેવી રીતે તંદુરસ્તી બાબત જન સેવા કરવામાં આવે છે તે ઉપર આપનું લક્ષ ખેંચવાના ઇરાદાથી જ આ અમારો પ્રથમ પ્રયાસ આપ સમક્ષ રજુ કર્યો છે અને જનસમાજ તરફથી સહાયતા મળશે તો આવી જાતનાં ચિત્રપટો ભવિષ્યમાં આપ સમક્ષ રજુ કરી જનસમાજની સેવામાં અમારાથી બનતો ફાળો આપવા અમારાથી બનતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીશું. આટલું બોલ્યા બાદ સીનેમાનો શો ;બતાવવામાં આવ્યો હતો ત્યારબાદ શેઠ જીવણચંદ ધરમચંદે આ બાબત આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવા માટે જ જમાનાને અનુસરતાં આવાં ચિત્રપટો ઉપયોગી કાર્યો કરે છે અને આવી બાબતમાં મદદ આપવા જણાવ્યું હતું. છેવટે ડો. મોહનલાલે કૃષ્ણસીનેમાના માલીક તરફથી શો બતાવવા સારૂં દરેક સગવડ કરી આપી હતી તેમજ હીરાબાગના ટ્રસ્ટીઓનો તેમજ પ્રમુખ સાહેબનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

મી. મોહનલાલ હેમચંદ તરફથી રૂા. ૨૫) આ રૂડા કામને ઉત્તેજન અર્થે આંપવામા આવ્યા હતા.

## શ્રી વિજયકમળ સૂરીશ્વરજી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા તેઓશ્રીની સ્વર્ગવાસભૂમિ શ્રી જલાલપુર–તાબે સુરત જીલ્લામાં માગશર વદી ૬ બુધવારના રોજ ઉક્ત કૃપાળુ ગુરૂરાજની અગ્નિદાહ ભૂમિએ તૈયાર કરેલ દેરીમાં, તથા ગુરૂમંદિરમાં એમ બે સ્થળે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા થવાની છે. જે ગુરૂભક્તિના માંગલિક પ્રસંગે જલાલપુરના શ્રી સંઘના તરફથી માગશુર શુદ ૧૪ થી અઠ્ઠાઇ મહોત્સવ થરૂ થશે, સાથે શ્રી સિદ્ધાચળજી તીર્થની રચના, ઉદ્યાપન વગેરે પણ તૈયાર કરવામાં આવેલ છે. આંગી, પૂજા, ભાવના, સ્વામીવાત્સલ્ય વગેરેથી દેવગુરૂધર્મભક્તિ અપૂર્વ થશે. તત્ર આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિ સપરિવાર વિદ્યમાન છે અને આચાર્ય શ્રી વિજયદાનસૂરિ મહારાજ સપરિવાર આ માંગલિક પ્રસંગે પધારનાર હોવાથી સાધુ, સાધ્વી મહારાજના દર્શનનો પણ લાભ મળશે. જલાલપુરના શ્રી સંઘને આવી અપૂર્વ ગુરૂભક્તિ કરવા માટે ધન્યવાદ આપીયે છીયે કે જેથી આવા પ્રાતઃસ્મરણીય, પૂજ્યપાદ, કૃપાળુ, પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયકમલસૂરિશ્વરજી મહારાજ જેવા એક અપૂર્વ આચાર્ય મહારાજનો ગુરૂભક્તિ કરવાનો લાભ ત્યાંના શ્રી સંઘને મળ્યો છે. અમો તેનું અનુમોદન કરીયે છીયે. —( મળેલું. )

## શેઠ ધરમચંદ ઉદયચંદ કેળવણી ફંડ.

શેઠ ધરમચંદ ઉદેચંદ કેળવણી ફંડમાંથી સને ૧૯૨૭ ની સાલમાં રૂા. ૧૭૩૫૦) નીચેની વીગતની લોન વીદ્યાર્થીઓને મંજુર થઇ છે ને કેટલીક તો પુરેપુરી અપાઇ છે, જ્યારે બીજાઓને જરૂર મુજબ અપાય છે.

| | | | |
|---|---|---|---|
| ૩૦૦૦) | ડોકટર જે. એમ. દમાણી. | ૬૦૦) | ડોકટર ગાંડાલાલ ઇંદરજી. |
| ૨૫૦૦) | શાહ ચંદુલાલ નાનચંદ. | ૫૦૦) | અમીચંદ ચત્રભુજ. |
| ૮૦૦૦) | લાલચંદ રગુનાથ મારવાડી. | ૫૦૦) | મોહબતસીંહ ડુંગરસી મહેતા. |
| ૨૦૦૦) | ડોકટર નટવરલાલ માણેકલાલ. | ૨૫૦) | લાભકુંવર જીવરાજ. |

૧૭૩૫૦)

શેઠ રતનચંદ ખીમચંદે ટ્રસ્ટી તરીકે રાજીનામું આપ્યું જે મંજુર કરવામાં આવ્યું છે. ને તેઓએ ફંડની શરૂઆતથી તે અત્યાર સુધીની દશ વર્ષ જે સેવા બજાવી છે તેની નોંધ લેવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**નવ તત્ત્વ પ્રકરણ સાર્થ**—યોજક માસ્તર ચંદુલાલ નાનચંદ-પ્રકાશક **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેશાણા.** કીંમત આઠ આના. આવશ્યક ક્રિયા અને પ્રકરણ વગેરે ગ્રંથો જેમ સરલ રીતે ભાષાંતર પૂર્વક આ સંસ્થાએ પ્રકટ કરેલ છે, તેમ તે શૈલીએ ઉપરોક્ત ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, આ ગ્રંથની પ્રસ્તાવનામાં છ દર્શનનો કિંચિત સારાંશ આપેલો છે, તે પ્રસંગ યોગ્ય છે. ગ્રંથની શરૂઆતમાં નવતત્ત્વની મૂળ ગાથાઓ આપી પછી મૂળ ગાથાની સંસ્કૃત છાયા. અન્વય સહિત પદચ્છેદ શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ અને છેવટે તે તે તત્ત્વ જાણવાનો ઉદ્દેશ પ્રશ્નોરૂપે આપી જિજ્ઞાસુઓને વિશેષ સરલતા કરી આપી છે, ભાષાંતર પણ સરલ કરી ઉપયોગીતામાં વૃદ્ધિ કરી છે. કાગળો સારા તથા છાપ શુદ્ધ અને પાકું બાઇંડીંગ અને શુમારે બસેંહ પાનાના આ ગ્રંથ આઠ આના કિંમત ઓછી ગણાય તે પ્રચાર કરવાના હેતુને લઇને હોઇ અમે પ્રકાશકને તે માટે ધન્યવાદ આપીયે છીએ.

---

**श्री चंद्रराज चरित्रम् પ્રકાશક શ્રી અજીત સાગરજી સૂરિ શાસ્ત્ર સંગ્રહ પ્રાંતિજ**—કિંમત રૂા. ૫-૦-૦ આ શ્રી ચંદરાજાના સંસ્કૃત ચરિત્રના કર્તા પ્રસિદ્ધ વકતા આચાર્ય મહારાજશ્રી અજિતસાગરજી સૂરિજી છે, જેમની વિદ્વતા માટે કાંઇપણ લખવું તે કરતાં આ સંસ્કૃત ચરિત્ર અને તેઓશ્રીએ લખેલા અન્ય ગ્રંથો અને કરેલ ભાષાંતરોજ સાક્ષી પૂરે છે. ગુજરાતી ભાષા કરતાં સંસ્કૃત ભાષામાં કોઇપણ ગ્રંથની રચના કરવી તે વિકટ કાર્ય હોવા સાથે તેના ખાસ અભ્યાસી સિવાય તે બની શકતું નથી. જેથી આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજે આ ચરિત્રની સંસ્કૃત ભાષામાં કરેલી સુંદર રચના તેજ તેનો પુરાવો છે. મુનિ શ્રી મોહન વિજયજી રચિત ગુજરાતી રાસ ઉપરથી આ ચરિત્રની સંસ્કૃત રચના ઉક્ત આચાર્ય મહારાજે કરી છે જે કૃતિ તે ભાષાના જિજ્ઞાસુઓ-વાચકોને રૂચિકર થઇ પડે તેવી છે. પ્રત પાના આકારે-સંસ્કૃત-શાસ્ત્રી ટાઇપમાં સુંદર રીતે ત્રીશ ફારમનો ગ્રંથ છપાયેલ છે. આ સંસ્થા તરફથી છપાયેલા ઘણા પુસ્તકો ભેટજ અપાયેલા છે. છતાં કદાચ આમાં મદદ નહીં મળેલી હોય તેથી તેની કિંમત પાંચ રૂપૈયા રાખવામાં આવેલ હશે તેમાં જો કે વ્યાપાર કરવાનો મુદ્દલ હેતુ હોયજ નહિ. તેમજ આવા સંસ્કૃત ચરિત્રના ખપત પણ ઓછી હોય તે સ્વાભાવિક છે. ગ્રંથ પઠન પાઠન અને અભ્યાસી માટે એક જરૂરી વસ્તુ છે એમ અમો માનીએ છીએ.

---

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય. બારમો વાર્ષિક રિપોર્ટ.**—દિવસાનુદિવસ ઉન્નત થતી સ્થીરતા પામતી જતી આ સંસ્થા વિશેષ સુદૃઢ થતી જોઇ જૈન કોમને આનંદ પામવા જેવું છે. કુલ ૬૩) વિદ્યાર્થીઓ આખરે રહેતા જેમાંથી પરિક્ષાનું પરિણામ ૬૮ ટકા આવેલ છે. જે વિશેષ સંતોષકારક કદાચ ન હોય છતા ભવિષ્યમાં પ્રગતિકારક માનીયે છીયે. આ સંસ્થા યોગ્ય વહિવટ કાર્ય વાહી ઉત્તમ કમીટીના સભ્યોનો ઉત્સાહ અને શ્રીયુત સેક્રેટરીઓ મોતીચંદભાઇ તથા મૂળચંદભાઇ તેના આત્મા હોઇ ભવિષ્યના માટે જે મનોરથો રિપોર્ટમાં જણાવ્યા છે તે પાર પાડે એમ સ્વાભાવિક કહી શકાય. રીપોટના પાને ૨૪ મે વ્યવહારૂ સુચનામાં જ્ઞાન ભંડાર, લાઇબ્રેરી, અને પુરાતત્ત્વ પ્રાચીન શોધખોળ અને દ્રવ્યાનુયોગ અને કથાનુયોગના મૂળ ગ્રંથોના વર્તમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાળની પદ્ધતિએ ભાષાંતરો પુરા પાડવાનું કાર્ય આ સંસ્થાએ કરવા જેવા હોઇ કોઇપણ જૈન બંધુઓએ પોતાની ઉત્તમ લક્ષ્મીનો લાભ તે યોજના માટે કરવો જરૂરી લાગે છે અમો ભલામણ પણ તે માટે કરીયે છીયે. આવી સંસ્થાને દર વર્ષે સમાજ પાસે યાચના કરવી પડે તેના કરતાં સમાજના શ્રીમાન્ બંધુઓ એ વગર માંગ્યે જરૂરીઆત પુરી કરવી જોઇએ એ કર્તવ્ય જેમ બને તેમ જલદી બજાવવાનું છે. છેવટે અમો આ સંસ્થાની ભવિષ્યમાં વિશેષ ઉન્નતિ ઇચ્છીયે છીયે.

**યુરોપના સંસ્મરણો.**—લેખક—શ્રીયુત મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સોલીસીટર મુંબઇ. કિંમત રૂા. ૧-૮-૦ મુસાફરી વર્ણનના ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલ પુસ્તકો અલ્પ છે. તેવા સંયોગમાં આ પુસ્તક લખી તેના લેખક મહાશયે યુરોપની મુસાફરી કરવા જનાર વ્યકિત માટે કેટલાક મુસાફરીના બિનઅનુભવે થતા નકામા ખર્ચ માટે તેમજ કલ્પીત ધારી લીધેલી અગવડતા-મુસીબતો માટે કેટલીક હકીકત ઉપયોગી થઇ પડે તેમ આ લેખની અનુભવેલી સંકળના કરી છે. યુરોપમાં મુસાફરી કરવા જનાર માટે જેમ કેટલીક રીતે ભોમીયારૂપ છે. તેમ નહિં જનાર માટે પણ આવા ગ્રંથો વાંચવાથી તે દેશના રીત રીવાજ સમાજ બંધારણ હવા, પાણી, ઉદ્યોગીક સ્થિતિ વગેરે માટે ઘણુ જાણવાનું મળે છે. આ ગ્રંથમાં પણ તેવું વર્ણન હોવાથી જિજ્ઞાસુ માટે ઉપયોગી છે કિંમત પણ યોગ્યજ છે મળવાનું ઠેકાણું. મનહર બીલ્ડીંગ પ્રીન્સેસ સ્ટ્રીટ મુંબઇ.

---

## નીચેના ગ્રંથો વગેરે ભેટ મળ્યા છે તે સાભાર સ્વીકારવામાં આવે છે.

૧ શ્રી મધ્ય ભારત્ત અગ્રવાલ સભા ઇંદોરની નિયમાવળી પ્રકાશક પ્રહલાદદાસ મોદી મંત્રી

૨ શ્રી રાંધનપુરી પોરવાડ વીસાશ્રીમાળી મીયાંગામ આસવારા નિવાસી જ્ઞાતિધારા સેક્રેટરી શાહ હરગોવનદાસ વૃજલાલ

૩ શ્રી નવકાર મંત્ર યા પંચ પરમેષ્ઠી અને આવસ્યક કે પ્રતિક્રમણનું રહસ્ય સુઘોષા પત્રની પ્રથમ ભેટ (ખાસ વાંચવા લાયક) શ્રી જૈન યુવક સેવા સમાજ અમદાવાદ.

---

# વકીલ નંદલાલ લલ્લુભાઈનો સ્વર્ગવાસ.

ગયા આસો વદી ૧૧ ના રોજ લાંબા વખત બીમારી ભોગવી વડોદરાનિવાસી શ્રાવક શ્રેષ્ઠીવર્ય બંધુ નંદલાલભાઇ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. બંધુ નંદલાલભાઇ દેવ, ગુરૂ, ધર્મના અનન્ય ભકત, વડોદરાની જૈન સંસ્થાઓના કાર્યવાહક, સુકાની, વ્યવહાર કુશળ, અને શ્રદ્ધાળુ એક જૈન નરરત્ન હતા. તેમના પંચત્વ પામવાથી એક શ્રાવક કુળ ભૂષણ નરની જૈન સમાજને ખોટ પડી છે. આ સભા ઉપર તેઓ અત્યંત પ્રેમ ધરાવતા હતા અને સભાસદ પણ ઘણા વર્ષોથા હતા. જેથી સભાને પણ એક લાયક સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે અને તેમના સુપુત્રો તેમના સ્વર્ગવાસી પિતાશ્રીના પગલે ચાલી તેની કીર્તિમાં વૃદ્ધિ કરે તેમ ઇચ્છીયે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને વધારાની ભેટની બુક.

આગમાનુસાર મુહપત્તિ નિર્ણય—નામની બુક ઉપાધ્યાયજી મહારાજશ્રી સુમતિસાગરજી શિષ્ય પં૦ શ્રી મણિસાગરજી મહારાજના તરફથી, અમારા આ માસિકના માનવંતા તમામ ગ્રાહકોને ભેટ આપવા અમોને મળેલી છે. ધારા પ્રમાણે ભેટની બુક જે અપાય છે તે ઉપરાંત આ વધારાની ભેટ આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવાની છે, જેથી દરેક ગ્રાહક મહાશયે પોષ્ટની એક આનાની ટીકીટ મોકલી આ બુક મંગાવી લેવા નમ્ર સુચના છે. ઉપરોક્ત મુનિ મહારાજાઓનો તે માટે ઉપકાર માનવામાં આવે છે.

## સુચના.

આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ શ્રી નવતત્ત્વનો સુંદર બોધ, શ્રી જીવવિચાર વૃત્તિ તથા શ્રી દંડક વિચાર વૃત્તિ આ ત્રણ ગ્રંથો ( મૂળ, ભાષ્ય અને ભાષાંતર સાથે ) જૈન પાઠશાળા, કન્યાશાળા, વિદ્યાશાળામાં ખાસ ચલાવવા યોગ્ય તેમજ ધાર્મિક શિક્ષણ માટેના આત ઉપયોગી હોઇ ધાર્મિક શાળાઓને ભેટ આપવાની છે. ત્રણ વર્ષ કરતાં વધારે વર્ષ થયા ચાલતી કોઇપણ શાળાઓના વ્યવસ્થાપકોએ તે તે ગામના મુખ્ય અગ્રેસરની લેખીત ભલામણ મોકલવાથી ( શીખનારની સંખ્યા સાથે લખી મોકલવાથી ) માત્ર પારસલ કે પોસ્ટ ખર્ચ લઇ સીલીક હશે ત્યાં સુધી ભેટ મોકલવામાં આવશે.

## ચાલુ સાલના પુસ્તકો ગ્રાહકોને વી૦ પી૦ થી મોકલવા શરૂ થઇ ગયા છે. જે સ્વીકારી લેવા વિનંતિ છે. નવા થનાર ગ્રાહકોએ તુરતમાં દાખલ થવું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મગધરાજ શ્રેણિક ચરિત્ર | પૃષ્ટ | ૩૫૦ | ૧—૮—૦ |
| ૨ | શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર | ,, | ૩૫૦ | ૧—૮—૦ |
| ૩ | પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ | ,, | ૨૫૦ | ૧—૪—૦ |
| ૪ | માનતુંગ–માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા | ,, | ૧૦૦ | ૦—૬—૦ |
| | | | ૧૦૫૦ | ૪-૧૦-૦ |

ગ્રાહકોને રૂા. ૩) અને પોસ્ટ ખર્ચના રૂા. ૦—૧૦—૦ મળી રૂા. ૩—૧૦—૦

**ખાસ યાદી**—શેઠશ્રી નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલો મહાસંઘ વર્તમાનકાળના ઇતિહાસમાં મશહુર છે. આ સંઘ–યાત્રાની હકીકતનું દળદાર પુસ્તક ૧૫–૨૦ ચિત્રો સાથે પ્રગટ થાય છે. અગાઉથી ગ્રાહક થનારને રૂા. ૨) પાછળથી રૂા. ૨—૮—૦ પોસ્ટ ખર્ચ અલગ.

લખો:—શ્રી જૈન સસ્તી વાંચનમાળા. રાધનપુરી બજાર–ભાવનગર.

For Private And Personal Use Only

# બ્રાહ્મણો અને જૈનોની એકવાક્યતા.

"જેવી રીતે બ્રાહ્મણોના વેદાન્તના માયાવાદની અનિર્વચનીય ખ્યાતિનું સ્વરૂપ કેટલાક જૈનોને નહિં સમજાયાથી જૈન દર્શનમાં વેદાંત શાસ્ત્રનો 'મુક્તિમાં ભ્રાંતિ, પ્રપંચ એટલે સંસારમાં ભ્રાંતિ, શાસ્ત્રમાં ભ્રાંતિ, પ્રવૃત્તિમાં ભ્રાંતિ–એમ જેની મૂર્તિ જ ભ્રાંતિમય છે તેવા વેદાન્તીને શામાં ભ્રાંતિ ન કહેવાય ?' એ રીતનો ઉપહાસ થયો છે, તેવીજ રીતે જૈન દર્શનનું અનેકાંતવાદ અને સ્યાદ્વાદનું સ્વરૂપ વિચારશીલ બ્રાહ્મણોને પણ સ્પષ્ટ નહિં થવાથી, જૈનોનું શાસ્ત્ર એકાંત નિશ્ચય જણાવનાર નહિં હોવાથી, મત્તપ્રલાપ જેવું, સ્વીકારવા યોગ્ય નથી, એવું ખોટું ખંડન કરવામાં આવ્યું છે. પરંતુ હરિભદ્રસૂરિ નામના જૈન વિચારકે પક્ષપાત રહિત બુદ્ધિથી બ્રાહ્મણોનાં દર્શનશાસ્ત્રનાં ભિન્ન ભિન્ન પ્રમેયો જેવી રીતે ઉકેલ્યાં છે, તેવા જ દૃષ્ટિ બિન્દુથી જૈન તત્વજ્ઞાનનાં પ્રમેયો પણ સમજવાની જરૂર છે. ચિરંતન વિચારકોએ કહ્યું છે કે—

श्रोतव्यः सौगतो धर्मः कर्तव्यः पुनरार्हतः ।
वैदिको व्यवहर्तव्यो, ध्यातव्यः परमः शिवः ॥

બૌદ્ધ ધર્મ શ્રવણ કરવા યોગ્ય છે, જૈન ધર્મનું ચારિત્ર સેવવા યોગ્ય છે, વેદ ધર્મ વ્યવહારમાં પાલન કરવા યોગ્ય છે. અને પરમ શિવ અથવા પરમેશ્વર ધ્યાન ધરવા યોગ્ય છે. દર્શન શાસ્ત્રો પછી તે આસ્તિક મતનાં હોય કે નાસ્તિક મતનાં હોય, તે વસ્તુ સંબંધમાં ભિન્ન ભિન્ન વિચારો દર્શાવે છે, પરંતુ સર્વની એકવાક્યતા હિંદના તત્વજ્ઞોએ કરી છે; કારણ કે હિંદમાં તત્વજ્ઞાન કેવળ બુદ્ધિના વિનોદ અથવા સંતર્પણ અર્થે નથી, પરંતુ આપણા પોતાના આત્માની પરમ મોક્ષરૂપ સંપત્તિ મેળવવા અર્થે છે."

નર્મદાશંકર દેવશંકર મહેતા.